dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 21 | AD - 2024, Aaso Vad -04 | Monday, Dt.21-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## પ્રધાનમંત્રી મોદીએ બાબતપુર એરપોર્ટના વિસ્તરણ હેઠળ નવા ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ પણ કર્યો

# વારાણસીથી પાંચ રાજયોને રૂા. ૬૬૧૧ કરોડની ભેટ આપતા પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),વારાણસી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસી પહોંચ્યા હતા. પીએમ મોદીએ કાશીમાં આરજે શંકરા આઈ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું. આ દરમિયાન તેમની સાથે રાજ્યપાલ આનંદીબેન પટેલ અને સીએમ યોગી પણ હાજર હતા.

વારાણસીની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ બાબતપુર એરપોર્ટના વિસ્તરણ હેઠળ નવા ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ ઉપરાંત પીએમ મોદીએ વારાણસીથી જ ૫ રાજ્યોને લગભગ ૬,૬૧૧ કરોડ રૂપિયાના ૨૪ પ્રોજેક્ટ્સ ગિફ્ટ આપી હતી, પીએમ મોદીએ સ્વાસ્થ્ય, શિક્ષણ, રમતગમત, ધર્મ, પર્યટન અને આવાસ સાથે સંબંધિત અન્ય પ્રોજેક્ટના પણ ઉદ્‌ઘાટન કર્યા હતા. વારાણસીની મુલાકાત પહેલા પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, 'કાશીના લોકોની સુવિધા માટે અમે કોઈ કસર છોડી રહ્યા નથી. આ શ્રેણીમાં ગંગા પરના રેલ-રોડ પુલને મંજૂરી આપવામાં આવી છે. આનાથી અહીંના યાત્રાળુઓ, પ્રવાસીઓ અને લોકોને વધુ સારી કનેક્ટિવિટી તો મળશે જ પરંતુ નવી રોજગારી અને વ્યવસાયની તકો પણ ઊભી થશે. આ પ્રસંગે પીએમ મોદીએ પોતાના સંબોધનની શરૂઆત હર હર મહાદેવથી કરી હતી. કહ્યું કે આ પવિત્ર મહિનામાં કાશી આવવું એ પુણ્યનો અનુભવ કરવાનો અવસર છે. કાશીના લોકોની સાથે અહીં સંતો અને પરોપકારીઓ પણ છે. આ ખુશીના સહયોગથી




વધુ સારું શું હોઈ શકે? પીએમ મોદીએ કહ્યું કે શંકરાચાર્યના આશીર્વાદથી જ પૂર્વાંચલને કાશીની બીજી આધુનિક હોસ્પિટલ મળી. ભગવાન શંકરની નગરીમાં આવેલી શંકરા આંખની હોસ્પિટલ આજથી લોકોને સમર્પિત છે. હું વારાણસી સહિત પૂર્વાંચલના તમામ પરિવારોને અભિનંદન આપું છું. શાસ્ત્રોમાં કહેવાયું છે કે તમસો મા જ્યોતિર્ગમય... એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓ. આ હોસ્પિટલ વારાણસી અને આ પ્રદેશની મુલાકાત લેતા લોકોના જીવનમાંથી અંધકાર દૂર કરશે અને તેમને પ્રકાશ તરફ લઈ જશે. અત્યારે હોસ્પિટલ આધ્યાત્મિકતા અને આધુનિકતાનો એક પ્રકારનો સંગમ છે. હોસ્પિટલ વૃદ્ધોની પણ સેવા કરશે અને બાળકોને નવો પ્રકાશ આપશે. મોટી સંખ્યામાં બાળકો વિનામૂલ્યે સારવાર લેવાના છે. તે યુવાનો માટે રોજગારીની નવી તકો પણ લઈને આવી છે. મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ કરી શકશે. પ્રેક્ટિસ કરવાની તક પણ મળશે. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે આ હોસ્પિટલ વારાણસી અને આ ક્ષેત્રના ઘણા લોકોના જીવનમાંથી અંધકાર દૂર કરશે અને તેમને પ્રકાશ તરફ લઈ જશે. આ હોસ્પિટલ વૃદ્ધોની પણ સેવા કરશે અને બાળકોને પણ પ્રકાશ આપશે. અહીં મોટી સંખ્યામાં ગરીબોને મફતમાં સારવાર મળશે. આ હોસ્પિટલ અહીંના યુવાનો માટે રોજગારીની તકો લઈને આવી છે. પીએમ મોદીએ કહ્યું કે કાશીને પ્રાચીન સમયથી ધર્મ અને સંસ્કૃતિની રાજધાની તરીકે ઓળખવામાં આવે છે. હવે કાશી ઉત્તર પ્રદેશ અને પૂર્વાંચલના મોટા આરોગ્ય કેન્દ્ર અને હેલ્થકેર હબ તરીકે પણ પ્રખ્યાત થઈ રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે આ પવિત્ર મહિનામાં કાશી આવવું એ પુણ્યનો અનુભવ કરવાનો અવસર છે. અહીં ફક્ત આપણા કાશીવાસીઓ જ નથી, સંતો અને પરોપકારીઓનો પણ સંગાથ છે. આનાથી વધુ સુખદ સંયોગ કયો હોઈ શકે? હવે મને પરમ પૂજનીય શંકરાચાર્યજીના દર્શન કરવાનો, પ્રસાદ અને આશીર્વાદ લેવાનો લહાવો મળ્યો છે.

## આતંકવાદી ઘટનાના એંગલથી પણ તપાસ શરૂ કરાઈ

# દિલ્હીના રોહિણી સેક્ટર-૧૪માં શાળા પાસે વિસ્ફોટથી અફરાતફરી

ન્યુ દિલ્હી,તા.૨૦

દિલ્હીના રોહિણી સેક્ટર ૧૪ના પ્રશાંત વિહાર વિસ્તારમાં રવિવારે સવારે લગભગ ૭:૩૦ વાગ્યે CRPF સ્કૂલ પાસે બ્લાસ્ટ થયો હતો. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. સીઆરપીએફ સ્કૂલની દિવાલ, નજીકની દુકાનો અને કેટલીક કારને નુકસાન થયું હતું. પોલીસે જણાવ્યું કે વિસ્ફોટ પછીનો એક કથિત વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં સફેદ ધુમાડો દેખાઈ રહ્યો છે. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોર્ડ, ફોરેન્સિક ટીમ, ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ સેલ તેમજ ફાયર બ્રિગેડના વરિષ્ઠ



પોલીસ અધિકારીઓ તપાસ માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) ટીમનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસ રિપોર્ટમાં વિસ્ફોટમાં વપરાયેલી સામગ્રી ક્રૂડ બોમ્બ જેવી છે, પરંતુ સંપૂર્ણ રિપોર્ટ આવ્યા બાદ જ સત્તાવાર માહિતી મળી શકશે. હજુ તપાસ ચાલુ છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, "રવિવારે સવારે ૦૭:૪૭ વાગ્યે, એક પીસીઆર કોલ આવ્યો હતો. ફોન કરનારે માહિતી આપી હતી કે રોહિણીના સેક્ટર ૧૪માં આવેલી CRPF સ્કૂલ પાસે ખૂબ જ મોટા અવાજ સાથે બ્લાસ્ટ થયો હતો. SHO અને સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. દુકાનોની બારીઓ અને દુકાન પાસે પાર્ક કરેલી કારને પણ નુકસાન થયું હતું.

## ૧૫ લોકો સરમથુરા વિસ્તારના બરૌલીમાં લગ્ન સમારોહમાં ગયા હતા

# રાજસ્થાનમાં બસ-ટેમ્પો વચ્ચે ગમખ્વાર અકસ્માત, ૧૨ના મોત

જયપુર,તા.૨૦

રાજસ્થાનના ધોલપુરમાં નેશનલ હાઈવે-૧૧ પર સુનીપુર ગામ નજીક રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે એક સ્લીપર કોચ બસે ટેમ્પોને હવામાં જ ફંગોળી નાખ્યો હતો. આ દુર્ઘટનામાં આઠ બાળકો સહિત કુલ ૧૨ લોકોને કાળ ભરખી ગયો હતો, જ્યારે બસ ડ્રાઈવર ઘાયલ થયો હતો, તેને ધોલપુર જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.






મળતી માહિતી મુજબ બધાં લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. મૃતકોમાં બાળકોની સંખ્યા વધુ હોવાનું કહેવાય છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તમામ મૃતદેહોને બારી હોસ્પિટલના શબઘરમાં રાખ્યા હતા. આ અકસ્માત બારી સબ ડિવિઝનમાં શનિવારે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે થયો હતો. બારી શહેરના કરીમ ગુમાતના રહેવાસી લગભગ ૧૫ લોકો સરમથુરા વિસ્તારના બરૌલીમાં લગ્ન સમારોહમાં ગયા હતા. તેમાંથી મોટાભાગનાં બાળકો હતા. મોડી રાત્રે તમામ લોકો ટેમ્પોમાં બેસીને બારી પરત ફરી રહ્યા હતા. રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે ધોલપુરથી જયપુર જઈ રહેલી એક સ્લીપર કોચ બસે નેશનલ હાઈવે-૧૧B પર સુન્નીપુર ગામ પાસે ટેમ્પોને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે સ્થળ પર અરેરાટી ફેલાઈ ગઈ હતી. આ દરમિયાન હાઈવે પરથી પસાર થતાં અન્ય વાહનો સ્થળ પર રોકાઈ ગયા હતા અને પોલીસને જાણ કરી હતી. પોલીસ ટેમ્પોમાં સવાર લોકોને બારી હોસ્પિટલ લઈ ગઈ હતી. અકસ્માતમાં બસને પણ નુકસાન થયું હતું, જેને પોલીસે જપ્ત કરી લીધી હતી.







# વિસ્તારા અને આકાસા એરની ફ્લાઈટમાં બોમ્બની ધમકી, ઈમરજન્સી લેન્ડીંગ



મુંબઈ,તા.૨૦

હવે વિસ્તારા એરલાઈન્સની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી છે. પ્લેન સિંગાપુરથી પુણે આવી રહ્યું હતું. બોમ્બની ધમકી મળ્યા બાદ પૂણે એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. તેમજ, લખનૌથી મુંબઈ જતી આકાસા એરની ફ્લાઈટમાં બોમ્બ હોવાનો કોલ આવ્યો હતો, ત્યારબાદ આકાસાના પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ પણ કરવામાં આવ્યું હતું. દેશમાં પેસેન્જર વિમાનને ધમકીઓ મળવાનો સિલસિલો ચાલુ છે. શનિવારે ૩૦થી વધુ વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. જેના કારણે વિમાનોનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંપૂર્ણ તપાસ બાદ વિમાનોને રવાના કરવામાં આવ્યા હતા. જેના કારણે સેંકડો મુસાફરો કલાકો સુધી પરેશાન થયા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ સંદર્ભમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી પાસેથી વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. CISF, NIA અને IBને પણ રિપોર્ટ આપવા માટે કહેવામાં આવ્યું છે. તેમજ, મોડી સાંજે કેન્દ્રીય કર્મચારી મંત્રાલયે DGCA પ્રમુખ વિક્રમ દેવ દત્તને પદ પરથી હટાવીને કોલસા મંત્રાલયમાં સચિવ બનાવ્યા છે. આ ફેરફારને ધમકીની બાબતો સાથે જોડવામાં આવી રહ્યો છે. તેમજ, એક સાથે ૩૦ ધમકીઓ મળ્યા બાદ, એરલાઇન કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓ બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી (BCAS)ના અધિકારીઓને મળ્યા હતા. બ્યુરોના ડાયરેક્ટર જનરલ ઝુલ્ફીકાર હસને તેમને ખાતરી આપી કે ભારતીય આકાશ સંપૂર્ણપણે સુરક્ષિત છે. વિમાનમાં બોમ્બ હોવાની માહિતી મળતાં ફ્લાઈટને તેના નિર્ધારિત એરપોર્ટને બદલે નજીકના એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવે છે. આનાથી વધુ ઈંધણનો વપરાશ થાય છે એટલું જ નહીં, એરક્રાફ્ટનું રી-ચેકીંગ, મુસાફરોને હોટલમાં બેસાડવા અને તેમને તેમના સ્થાને લઈ જવાની વ્યવસ્થા કરવી પડે છે.






# રાજુલા-જાફરાબાદ પંથકમાં ભારે વરસાદથી સાગરખેડૂઓને આર્થિક નુકસાન

**તાત્કાલિક સહાય પેકેજ જાહેર કરવા ખેડૂત આગેવાનોની માગણી**


રાજુલા, તા.૨૦

રાજુલા-જાફરાબાદના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદ પડતા આ વર્ષે ગ્રામ્ય તળાવો હજી ઓવરફ્લો થયા નથી, માત્ર પાણીના ડેમ જ ભરાયા છે. જ્યારે ખેડૂતો કપાસ, બાજરી, મગ, મઠ, જુવાર જેવા તમામ પાકને લેવા માટે તૈયારી કરી રહ્યા હતા ત્યારે આઠ દિવસથી સતત વરસાદને કારણે ખેતરમાં તમામ પાક સંપૂર્ણ નિષ્ફળ અને સડી ગયો છે. આથી ખેડૂતોને મોંઢામાં આવેલો પાકનો કોળિયો ઝૂંટવાઈ ગયો છે અને ખેતરમાંથી માલ કાઢવામાં પણ હવે દાઝ્યા ઉપર ડામ દીધો હોય તેવી સ્થિતિ કુદરતે કરી છે. આ મોસમ પૂર્ણ થયા બાદ વરસાદ થતાં જાફરાબાદમાં સાગરખેડૂઓએ મચ્છી સુકવી છે તે સડી ગઈ છે અને ભયંકર દુર્ગંધ મારે છે. જાફરાબાદના ઘરોમાં તો કપડામાં પણ વાસ ઘૂસી જાય છે અને ગમે ત્યારે રોગચાળો ફાટી નીકળે તેવી સ્થિતિ પણ નર્માણ થઈ છે. આ મચ્છી બગડી જતા સાગરખેડૂઓને પણ રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. આમ આ વર્ષે દિવાળી ટાણે સાગરખેડૂઓ કહે છે કે, અમને કુદરતે આપ્યું હતું તે પાછું લઈ લીધું અને દરિયાદેવના મોઢામાંથી અમે ઘરે કમાણી કરી લાવ્યા હતા તે માલ-માછલી બગડી ગયો છે. હવે સરકાર દ્વારા સર્વે કરીને ખેડૂતોને અને સાગરપુત્રોને દિવાળી પહેલા તાત્કાલિક સહાય કરવાની માગણી ખેડૂત અગ્રણી ભરતભાઈ સાવલિયા, નાયાભાઈ ગુજર, ટીકુભાઈ વરુ સહિત સાગરખેડૂ અને બોટ એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકી, રામભાઈ સોલંકી, સીદુભાઈ તથા સનાભાઈ વગેરે સરકારમાં રજૂઆત કરી છે. રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતાએ જણાવ્યું કે, આ વર્ષે એક પણ જગ્યાએ મીઠાઈ, કાપડ, ઘરેણા લેવા માટે ખેડૂતો જોવા મળતા નથી અને દિવાળી આડે માત્ર ગણતરીના દિવસો બાકી છે છતાં વરસાદના કારણે નુકસાન થતાં સાગરખેડૂઓ અને જગતનો તાત ક્યાંય જોવા મળતા નથી. ખાંભા, જાફરાબાદ, ટીંબી, ડુંગર વિસ્તારના લોકોની દિવાળી પહેલા રાજુલાની બજારોમાં ભીડ હોય છે અને પોલીસને પણ મેઈન બજારનો રસ્તો વાહનો માટે બંધ કરવાની ફરજ પડે છે તેના બદલે આ વખતે કોઈપણ જગ્યાએ ભીડ જોવા મળતી નથી. આથી કૃષિ મંત્રીએ રાજુલા જાફરાબાદમાં તાત્કાલિક સહાયનું પેકેજ જાહેર કરવું જોઈએ.

**વરસાદને કારણે ચોમાસુ પાકનો સોથ વળ્યો છે ત્યારે**

# ખેડૂતોને સહાય ચૂકવવા નાના ભંડારીયાનાં સરપંચની રજૂઆત

અમરેલી, તા.૨૦



નાના ભંડારીયા ગામે ખેડૂતોને પડ્યા ઉપર પાટુ જેવી સ્થિતિ નિર્માણ થઈ છે. મગફળી, સોયાબીન અને હવે કપાસનો પાક પણ આ સતત ભારે વરસાદથી અન્ય પાકોને ભારે નુકસાન થયેલ છે તથા મગફળી ઉપાડી કરેલા પાથરા સાવ સડીને રાખ થઈ ગયા છે. જે મગફળી ઉભી છે એ અંદરથી ઉગવા મંડી છે. અમરેલી જિલ્લામાં ભારે નુકસાન થયેલ હોવાથી સરકાર જગતના તાતની વહારે આવીને નુકસાનનો સર્વે કરીને સહાય કરે તેવી સરપંચ નરેશ ત્રાપસિયાએ રજૂઆત કરીને જણાવેલ છે.

# ડેન્ગ્યુના કેસને લઈ ગોઢાવદર ગામે ઘરે-ઘરે દવાનો છંટકાવ કરાયો

લીલીયા, તા.૨૦



લીલીયાના ગોઢાવદર ગામે ઘરે ઘરે જઈને દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. તાલુકા હેલ્થ ઓફિસર લીલીયાના પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર ક્રાંકચ તળે પેટા સબ સેન્ટર લીલીયા-૨ ગોઢાવદરમાં ડેન્ગ્યુ કન્ફર્મ અનુલક્ષીને જિલ્લા સુપરવાઝર ટીમ સાથે પેશન્ટના ઘરે - ઘરે જઈને મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન રેન્ડમલી ઘર ચેક કરી તથા આરોગ્ય શિક્ષણ કામગીરી કરવામાં આવી હતી અને પાણીમાં દવાનો છંટકાવ કરાયો હતો.

# શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા. ૨૦





અમરેલીમાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સંચાલિત સેવા સંઘ દ્વારા સમસ્ત સમાજ માટે શરદપૂનમ નિમિત્તે રાસ-ગરબાની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, પાંચ વર્ષના બાળકોથી લઈ અને ૩૦ વર્ષ સુધીના ભાઈઓ-બહેનો સહભાગી થયા હતા. સમાજના આગેવાનો અને વેપારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા યથાશક્તિ સહયોગ આપ્યો હતો. રાસ-ગરબામાં ભાગ લેનારાઓને સેવા સંઘ તરફથી ઈનામો આપવામાં આવેલા. જેમાં પ્રથમ ઈનામ લેડીઝ સાયકલ બીપીએમ સાયકલ સ્ટોર તરફથી અને જેન્ટ્સ સાઈકલ સેવા સંઘ તરફથી આપવામાં આવી હતી. આ સિવાય ઘણા બધા ઈનામો સાથે આ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, આંબા ગામથી આપાગીગાની જગ્યાના મહંત ઘનશ્યામ બાપુ અને નાગદેવતા મંદિર રાજમહેલના મહંત પૂજ્ય હાર્દિક બાપુ તેમજ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને સમાજના મુખ્ય અતિથિ તરીકે સમાજ પ્રમુખ ભરતભાઈ ટાંક તથા ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણ, ટ્રસ્ટી જયંતીભાઈ મનાણી, ટ્રસ્ટી હિરેનભાઈ સોલંકી, ટ્રસ્ટી મનુભાઈ ટાંક તેમજ સમાજ દ્વારા ચાલતા તમામ મંડળોના પ્રમુખો અને ટીમ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર વિપુલભાઈ અને સુનિલભાઈ ભગુભાઈ ગેડીયા હતા. સેવા સંઘના પ્રમુખ સુરેશભાઈ સોલંકી, કિશોરભાઈ આજુગિયાના આમંત્રણને માન આપીને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોક્ટર ગજેરા, ડોક્ટર દેસાણી, એડવોકેટ દદુભાઈ ખાચર, મજબૂત સિંહ બસીયા, દિલીપભાઈ બામટા, ઉદયસિંહ રાજપુત, ભદ્રસિંહ રાજપુત, સંજયભાઈ પોપટ, સંકલ્પ ગ્રુપના પ્રમુખ સંદીપભાઈ ધાનાણી, પ્રકાશભાઈ લાખાણી, સંદીપભાઈ પંડ્યા અને સંસ્થાઓના આગેવાનોએ પણ હાજરી આપી હતી.

# જિલ્લામાં I.T.I.માં પ્રવેશ લેવા ઉમેદવારો સંપર્ક કરી શકે તે માટે નંબર જાહેર કરાયા

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લાની ૧૨ આઈ.ટી.આઈ ખાતે પ્રવેશ રજિસ્ટ્રેશન પ્રક્રિયા તા. ૩૦ ઓક્ટોબરસુધી શરુ છે. ધો.૮ અને ધો.૧૦ પાસ ઉમેદવારો ઓનલાઈન અરજી કરવા માટે જિલ્લાની કોઈપણ આઈ.ટી.આઈનો સંપર્ક કરી શકશે. જિલ્લામાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, ધારી, કુંકાવાવ, વડીયા, સાવરકુંડલા, ખાંભા, રાજુલા અને જાફરાબાદ સહિત ૧૨ સરકારી ઔદ્યોગિક સંસ્થા છે, જ્યાં હેલ્પ સેન્ટરની સુવિધા છે. ઉમેદવારોને પ્રવેશ મેળવવા ફોર્મ ભરવા અંગે માર્ગદર્શન મળી રહેશે. ઉમેદવારોએ આઈ.ટી.આઈ હેલ્પ સેન્ટર અમરેલી મો.૯૪૨૯૦ ૯૮૧૬૮, કુંકાવાવ મો.૯૦૩૩૩૪ ૯૬૦૮૫, વડિયા (૦૨૭૯૬) ૨૭૩૧૭૦, ધારી મો. ૯૬૩૮૮ ૧૩૮૪૦, બગસરા (૦૨૭૯૬)૨૨૨૮૮૮, ખાંભા મો.૯૯૨૪૬ ૫૫૦૭૯, સાવરકુંડલા મો. ૯૮૯૮૦ ૪૧૬૭૭, લીલીયા મો.૯૬૦૧૪ ૩૫૬૬૦, લાઠી મો. ૯૪૨૯૫ ૫૯૩૪૩, બાબરા મો.૯૫૧૦૩ ૩૬૮૮૯, રાજુલા મો.૯૩૭૬૮ ૧૯૪૭૫, જાફરાબાદ મો. ૭૫૭૫૦ ૭૭૭૨૫ પર સંપર્ક કરવો.

# ખડખડ મુકામે કૃષિ વૈજ્ઞાનિકોની હાજરીમાં ઘઉંનું નિદર્શન યોજાયું

અમરેલી,તા.૨૦



અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખડખડ મુકામે ઘઉંની જાત GW-૪૬૩નું નિદર્શન યોજાયું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા મગફળીની GJG-૩૨ વેરાયટીના નિદર્શન માટે ખેતર મુલાકાત કરવામાં આવી હતી. ફિલ્ડ વિઝિટ અને નિદર્શન, વિતરણ કાર્યક્રમમાં ૨૫ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. નિદર્શન બાદ ખેડૂતોએ, મગફળીની GJG-૩૨ વેરાયટી, વધુ ઉત્પાદન, બિયારણ શુદ્ધતા અને રોગ પ્રતિકારતા સહિતની બાબતે પ્રશ્નોત્તરી કરી પ્રતિભાવો મેળવ્યા હતા.

# કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોના વિકાસ અંગે બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળોના વિકાસ સંદર્ભે બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં ભુરખિયા હનુમાન મંદિર ખાતે સોલાર સિસ્ટમ માટે મંજૂરી આપવામાં આવી હતી. તેમજ વિવિધ પ્રવાસન સ્થળના વિકાસ માટે ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ ઉપરાંત નાના માચીયાળા ખાતે સંત ભોળીઆઈની જગ્યામાં વિકાસકાર્યો, મોટા આંકડીયામાં આવેલા તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવું, ભોજાબાપાના જન્મસ્થળનો વિકાસ, રાજુલા ખાતે ધાતરવડી-૧ ડેમ નજીક ધારેશ્વરમાં પ્રવાસન સ્થળ તરીકે વિકસે તે માટેના વિકાસ કાર્યો, રાજુલાના કુંભનાથ-સુખનાથ મહાદેવ મંદિરને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવા બાબતે પ્રાંત અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ગુજરાતના પ્રસિદ્ધ કવિ દુલા ભાયા કાગના જન્મ સ્થળ એવાં મજાદર ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# રાજુલા ખેતીવાડી બજાર સમિતિ દ્વારા મૃતક ખેડૂતોના વારસદારોને વીમાની રકમ ચૂકવાઈ

રાજુલા, તા.૨૦



ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-રાજુલા દ્વારા આકસ્મિક રીતે અવસાન પામેલા ચાર ખેડૂત ખાતેદારોના વારસદારોને વીમા ક્લેઈમની રકમ ચૂકવવામાં આવી છે. દરેક વારસદારને રૂપિયા ૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવી છે. આ પ્રસંગે બજાર સમિતિના ઈન્ચાર્જ ચેરમેન અરજણભાઈ વાઘ સહિત અનેક ડિરેક્ટરો હાજર રહ્યા હતા. તેમાં મનુભાઈ ધાખડા, પીઠાભાઈ નકુમ, કનુભાઈ કલસરિયા, રમેશભાઈ વસોયા, રાજેશભાઈ પરસાણા, માધુભાઈ વોરા, છગનભાઈ ધડુક, ખીમજીભાઈ જીંજાળા, જસુભાઈ સોડવડીયા, અમરીશભાઈ વરુ, ધીરુભાઈ રાદડિયા, દુલાભાઈ વાવડીયા અને હુસેનભાઈ સેલોતનો સમાવેશ થાય છે. બજાર સમિતિના સેક્રેટરી જયેશભાઈ કાકડીયાની હાજરીમાં મૃતક ખેડૂતોના વારસદારોને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

# બગસરા શાકમાર્કેટમાં લારી ધારકોનું દબાણ: ગ્રાહકો અને ટ્રાફિક વ્યવસ્થા પર અસર

બગસરા, તા.૨૦



બગસરા શાકમાર્કેટમાં લારીઓનું દબાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. પાલિકાના પરિપત્ર અને નિયમો છતાં લારીધારકો બેફામ રીતે માર્કેટમાં ઠેર ઠેર લારીઓ ઉભી રાખી રહ્યા છે. જેના કારણે માર્કેટમાં પ્રવેશવું ગ્રાહકો માટે મુશ્કેલ બની ગયું છે અને લારીઓના કારણે માર્કેટમાં ટ્રાફિક જામ થઈ જાય છે તથા ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ સમસ્યા અંગે ગ્રાહકોએ પાલિકા પ્રમુખને રજૂઆત કરી હતી, પરંતુ પ્રમુખે હાથ ઉંચા કરી લીધા હતા. માર્કેટની અંદર સ્ટોલ ધરાવતા વેપારીઓ પણ લારીઓના કારણે નુકસાન ભોગવી રહ્યા છે. ગ્રાહકો અને વેપારીઓમાં પાલિકા દ્વારા આ લારીધારકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. પાલિકાના ચીફ ઓફિસરે આ સમસ્યાના નિરાકરણ માટે દંડ વસૂલ કરવાની વાત કરી છે, પરંતુ પાલિકા પ્રમુખના જવાબથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.









# રાજુલાના ધાતરવડી ડેમ નજીકના બે ભરડીયાને બંધ કરાવવા ગ્રામજનોની માંગ

## ધારેશ્વર, ભાક્ષી, મોટા આગરિયા સહિતના ગામના ખેડૂતોમાં વિરોધનો વંટોળ ઊભો થયો

રાજુલા,તા.૨૦

રાજુલા તાલુકાના ભાક્ષી ગામ નજીક આવેલ ધાતરવડી ડેમ ૧ પાણીથી છલોછલ ભરેલો છે તેવા સમયે બાજુમાં સૌથી મોટા ભરડીયા ધમધમી રહ્યા છે. ત્યાં બ્લાસ્ટિંગ કરવામાં આવતું હોવા તેની સીધી અસર ધાતરવડી ડેમ ઉપર થઈ રહી છે. ધાતરવડી ડેમ રાજુલા તાલુકાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. વર્ષો જૂનો ડેમ હોવાને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે તેવા સમયે નજીક આવેલ બંને ભરડીયા ક્વોરી લીઝ બંધ કરાવવા ખેડૂતોએ ઉગ્ર માગણી કરી છે. પ્રથમ મોટા આગરિયા ગ્રામ પંચાયત દ્વારા કલેકટરને પત્ર લખ્યા બાદ આજે વધુ બે ગ્રામ પંચાયતોએ વિરોધ કરીને ભરડીયા બંધ કરાવવા માટે માગણીઓ કરી છે. જેમાં અસરગ્રસ્ત બંને ગામ ધારેશ્વર અને ભાક્ષીની ગ્રામ પંચાયતોએ કલેકટરને પત્ર લખીને રજૂઆતો કરી છે.

ધારેશ્વર ગ્રામ પંચાયતના મહિલા સરપંચ મનીષાબેન દિલીપભાઈ સોજીત્રાએ કલેકટરને રજૂઆતો કરી છે કે, ધારેશ્વર ગામની ઉપરવાસમાં આવેલ ધાતરવડી ડેમ ૧ ખૂબ જ મોટો ડેમ છે. અમારા ગામના સીમાડામાં અડીને આવેલ ભાક્ષી ગામનો સીમાડો છે. ધાતરવડી ડેમની ૫૦૦ મીટરની ત્રિજ્યામાં બે ભરડીયા ઘણા વર્ષોથી ચાલુ છે. ડેમને અડીને પથ્થર કાઢીને ૧૫૦થી ૨૦૦ મીટરની ત્રિજયામાં બે ભરડીયા ઘણા વર્ષોથી ચાલુ છે. ડેમને અડીને પથ્થર કાઢી ૧૫૦થી ૨૦૦ ફૂટ ઉંડી ખાણો કરવામાં આવી છે. પથ્થર કાઢવા માટે મોટા બ્લાસ્ટિંગના કારણે ડેમને નુકસાન થાય છે અને અમારા ગામની સલામતી જોખમાય છે. આસપાસ ખેતરોમાં ધૂળ ઉડીને આવતા સીધી ખેતીપાક ઉપર અસર થઈ રહી છે. પાણીના તળ પણ ઊંડા ઉતરી ગયા છે. આવા સંજોગોમાં જો ડેમ તૂટે તો અમારું ગામ સંપૂર્ણ માનવસર્જિત હોનારતમાં નાશ પામે. જેથી તાકીદે આ બંને ભરડીયાઓની લીઝ રદ્દ કરવા અમારી માગણી છે. નહિતર અમારે નાછૂટકે હાઈકોર્ટમાં જવાની ફરજ પડશે. જ્યારે ભાક્ષી ગ્રામ પંચાયતના સરપંચ અમુબેન મનુભાઈ ધાખડાએ કલેકટરને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે, ધાતવરડી ડેમમાંથી આજુબાજુના ખેડૂતોને પાણી પૂરું પાડવામાં આવે છે. જો અમારી માગણી નહીં સ્વીકારવામાં આવે તો બંને ગ્રામ પંચાયતોને ન્યાયિક કાર્યવાહીની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

# સાવરકુંડલાનાં મોટાઝિંઝુડા ગામમાં સફળ આયુષ્માન આરોગ્ય શિબિર યોજાઈ

## ૨૧૧ દર્દીઓનું નિદાન અને સારવાર, નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા વિવિધ રોગોનું નિદાન



સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલા તાલુકાના મોટાઝિંઝુડા ગામમાં ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ આયુષ્માન આરોગ્ય શિબિર (હેલ્થ મેળા)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સાવરકુંડલાના નિષ્ણાંત ડોક્ટરોની ટીમે સેવાઓ આપી હતી. આ શિબિરમાં નિષ્ણાંત ડૉક્ટરોની ટીમ હતી જેમાં ડૉ. વિજય (ગાયનેકોલોજિસ્ટ), ડૉ. હિના (ડર્મેટોલૉજિસ્ટ) અને ડૉ. માલવિકા મેડમ (ડેન્ટીસ્ટ)એ સેવાઓ આપી હતી. આ કેમ્પમાં અલગ અલગ રોગની સારવાર કરવામાં આવી હતી જેમાં સ્ત્રીરોગ: ૬૪, દાંત રોગ: ૨૧, ચામડી રોગ: ૪૮, જનરલ રોગ: ૭૮ મળીને કુલ ૨૧૧ દર્દીઓએ લાભ લીધો હતો. આ ઉપરાંત ૫ PMJAY કાર્ડ બનાવવામાં આવ્યા, આયુષ્યમાન કાર્ડ અને આભા કાર્ડ પણ કાઢી આપવામાં આવ્યા હતા. આ શિબિરને સફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસર ડો. મીનાસાહેબના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટાઝિંઝુડાના સ્ટાફ, ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ, ખિલખિલાટ સ્ટાફ અને ગામના યુવા સરપંચ પંકજ ઉનાવાએ મહત્વનું યોગદાન આપ્યું હતું. સરપંચે આરોગ્ય કેન્દ્રની ટીમ અને ડોક્ટરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલાની નાવલી નદીની ગંદકીથી શહેરીજનોનું આરોગ્ય જોખમમાં મુકાયું

## દિવાળીના તહેવારને ધ્યાનમાં લઇ વહેલી તકે સફાઇ કરાવવા માંગ



તસ્વીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલાની વચ્ચેથી પસાર થતી નાવલી નદીની ગંદકી દિન-પ્રતિદિન વધી રહી હોવાથી શહેરીજનોનું આરોગ્ય જોખમમાં મુકાયું છે. શહેરમાં આવેલ મહાપ્રભુજીની બેઠકજી સામેથી લઈ નાવલી પોલીસ ચોકી, રિદ્ધિ-સિદ્ધિ મંદિરની સામે અને શાક માર્કેટ થઈ છેક ખોડિયાર મંદિર સુધી એટલે કે લગભગ એક કિલોમીટર ઉપરના વિસ્તારમાં આ નદીમાં દરરોજ ગંદકી વધતી જાય છે. આ વિસ્તારમાં હજારો શહેરીજનો તેની દુર્ગંધનો ભોગ બને છે. ગંદકીના કારણે મચ્છરોનો ત્રાસ પણ એટલો જ છે. આ નાવલી નદીની સફાઈ માટે ભૂતકાળમાં લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે પરંતુ તે તમામ ખર્ચ પાણીમાં ગયો છે. આયોજન વગર કરેલા કામથી લોકોના પૈસાનો બગાડ થયો હોવાના નગરપાલિકા પર આક્ષેપો થઈ રહ્યા છે. અગાઉની પાલિકા તંત્રે બેજવાબદારીપૂર્વકના કામ કર્યા છે અને પરિણામ મળ્યું નથી. આગામી સમયમાં દિવાળીની રોનક અને આનંદ-ઉત્સવના પર્વને ધ્યાનમાં રાખીને નગરપાલિકા નદીમાં સફાઈ કરાવી શહેરીજનોને દુર્ગંધથી અને બીમારીથી બચાવાય તેવી માગણી કરવામાં આવી રહી છે.

# બગસરા પંથકમાં અતિવૃષ્ટિથી ખેતીના પાકોમાં વ્યાપક નુકસાન

## ૪૭ ઈંચ વરસાદથી મગફળી, કપાસ અને સોયાબીન પાકને ભારે નુકસાન, તાત્કાલિક સહાયની માંગણી

બગસરા,તા.૨૦

બગસરા પંથકમાં ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન ૪૭ ઈંચ (૧૧.૮૮ મિમી) જેટલો અસાધારણ વરસાદ નોંધાયો છે, જેના કારણે ખેતીના તમામ પાકોમાં વ્યાપક નુકસાન થયું છે. આ અતિવૃષ્ટિના કારણે સ્થાનિક મૂંજીયાસર ડેમ પણ છલકાઈ ગયો છે. આ વિસ્તારમાં કુલ ૨૯,૮૯૫ હેક્ટર ખેતીલાયક જમીન છે, જેમાં મુખ્યત્વે મગફળી (૪,૭૮૪ હેક્ટર), કપાસ (૧૪,૦૭૨ હેક્ટર) અને સોયાબીન (૬,૫૨૪ હેક્ટર)નું વાવેતર કરવામાં આવ્યું હતું. સતત વરસાદના કારણે મગફળીના પોપટામાંથી દાણા ઉગી નીકળ્યા છે, કપાસના ફૂલ ખરી ગયા છે અને સોયાબીનના છોડ ઢળી પડ્યા છે. આ પરિસ્થિતિમાં, સ્થાનિક ખેડૂતોએ સરકાર પાસે તાત્કાલિક સર્વે કરાવી નુકસાન વળતર આપવાની માગણી કરી છે. તાલુકા પંચાયતના સભ્ય શારદાબેન બાબુભાઈ સતાસિયાએ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અને પ્રાંત અધિકારીને લેખિત અરજી કરી છે. ખેડૂતોની માંગ છે કે સરકાર તાત્કાલિક ધોરણે આ વિસ્તારનું સર્વેક્ષણ કરાવે અને યોગ્ય વળતર આપે, જેથી તેઓ આ કપરી પરિસ્થિતિમાંથી બહાર આવી શકે.

# સા.કુંડલાના જાણીતા વૈદ્ય બળભદ્ર મહેતાને થાઈલેન્ડ મુકામે ઈન્ટરનેશનલ આઈકોન એવોર્ડથી સન્માન કરાયું



સાવરકુંડલા, તા.૨૦

થાઈલેન્ડ મુકામે આવેલા ઈન્ટરનેશનલ આઈકોન એવોર્ડ ૨૦૨૪માં સાવરકુંડલાના જાણીતા વૈદ્ય બળભદ્ર મહેતાને આયુર્વેદિક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ થાઈલેન્ડ ટ્રીટ ઓફ હ્યુમન રાઈટ તથા મેજિક બુક ઓફ રેકોર્ડ દિલ્હી ભારતના સંયુક્ત ઉપક્રમે સન્માન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં બેંગકોક ગોલ્ડન બટન બુદ્ધિષ્ઠ દલાઈ લામા, પીઠાધીશ સંતો અને ભારતના ડોક્ટર રામઅવતાર શર્માજી ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટર ચીફ ગેસ્ટ તથા કમલ રાણી માતા (ગુરુમા) તથા ઉષા રાણીજીની ઉપસ્થિતી રહ્યા હતા.

## અવસાન નોંધ

**વડિયા**

ગં.સ્વ. સરલાબેન જયંતીભાઈ ધકાણનું તા.૧૮/૧૦/૨૪ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે પીન્ટુભાઈ, અલ્પેશભાઈ ધકાણના માતૃશ્રી થાય છે. તેમનું સદગત બેસણુ તા.૨૧/૧૦/૨૦૨૪ને સોમવારે ૪થી ૬ કલાકે લોહાણ મહાજન વાડી વડિયા ખાતે રાખેલ છે.

**બગસરા**

સ્વ.મનહરલાલ ટપુભાઈ મર્થકનું તા.૧૯/૧૦/૨૦૨૪નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે પ્રભુદાસભાઈ, સ્વ.ગુણવંતરાય, પ્રદીપભાઈના ભાઈ, માધવીબેન, જાગૃતીબેન, કાશ્મીરાબેન, જસ્મીનભાઈના પિતાશ્રી, સ્વ.કરસનભાઈ શ્રીકમભાઈ આશારાના જમાઈ થાય છે. તેમનું બેસણુ તા.૨૧ ના રોજ સાંજે ૪થી ૬ જુની ખત્રી સમાજની વાડી બગસરા ખાતે રાખેલ છે.

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસ્ટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કીંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
PROFESSIONAL spa Amreli
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેકિંગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# જાફરાબાદના ભાડા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો, ૧૩૮૨ અરજીઓનો નિકાલ કરાયો

અમરેલી,તા.૨૦

જાફરાબાદના ભાડામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. ભાડા મુકામે સેવા સેતુ કાર્યક્રમમાં ૫૩૬ પશુઓને રસીકરણ, ૪૭૨ પશુઓને કાયમી રસીકરણ, આવકના દાખલા ૫૨, ૪૫



પશુઓની ગાયનેકોલોજિકલ સારવાર, ૪૩ પશુઓની મેડિસિન સારવાર, આધાર કાર્ડ સુધારા ૪૩, મિલકત આકારણી ઉતારા ૪૦ અરજી, ૩૮ રાશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસી સેવા, આધારકાર્ડ નોંધણી ૩૫, ૩૫ હેલ્થ વેલનેસ કાર્ડ અંતર્ગત ડાયાબિટિસ અને બીપી ચકાસણી સહિતની ૧૩૮૨ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. અમરેલી જિલ્લામાં ૩૧ ઓક્ટોબર સુધી ૧૦મા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાશે.

# બાબરામાં કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન, સહાય પેકેજની માંગ

બાબરા, તા.૨૦

બાબરા તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી કમોસમી વરસાદ પડી રહ્યો છે, જેના કારણે અમરેલી જિલ્લા અને બાબરા તાલુકાના ગામડાઓમાં કૃષિ પેદાશોને વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં, ભારતીય કિસાન સંઘના બાબરા તાલુકા પ્રમુખ ભાનુભાઈ એમ. પાનશેરીયા અને અમરેલી જિલ્લા ઉપપ્રમુખ લાલજીભાઈ વસ્તરપરાએ સરકાર અને જનપ્રતિનિધિઓને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ખેડૂતોના કપાસ, મગફળી, તલ, સોયાબીન, શાકભાજી અને અન્ય તમામ પાકોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ખેડૂતો સખત મહેનત કરીને પાક તૈયાર કરે છે, પરંતુ કમોસમી વરસાદના કારણે તેમની મહેનત નિષ્ફળ જાય છે, જેથી તેઓ નિઃસહાય અને નિરાધાર બની જાય છે. ભારતીય કિસાન સંઘે માંગ કરી છે કે સરકાર તાત્કાલિક સર્વે કરી ખેડૂતોના હિતમાં નિર્ણય લઈ સહાય પેકેજ જાહેર કરે. આ રજૂઆત ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી રાઘવજી પટેલ, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા અને દંડક કૌશિકભાઈ વેકરીયાને કરવામાં આવી છે.

**ભારતીય કિસાન સંઘે સરકાર અને જનપ્રતિનિધિઓને કરી લેખિત રજૂઆત**

# ઓળીયા ગામે સસરાના ઘરે આવેલા યુવકનો મોબાઈલ ચોરાયો

સા.કુંડલા, તા.૨૦

**યુવક દ્વારા પોલીસ ફરિયાદ કરાઈ**

વિસાવદર તાલુકાના મુંડીયા રાવણી ગામના ભરતભાઈ ખોડાભાઈ ડેડાણીયા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, તેઓ તેમના સસરાના ઘરે ઓળીયા ગામે આવ્યા હતા. જે બાદ તેઓ તેમના ઘરે મુંડીયા રાવણી ગામે જવા નીકળ્યા હતા. આ સમયે નેસડી ગામે ચલાલા તરફ જતાં પુલ પાસે આવેલા પાન માવાના ગલ્લા પાસેથી ખિસ્સામાં રાખેલા ૨૩,૯૯૯ રૂપિયાની કિંમતના ફોનની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય. એસ. વનરા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં આરએસએસ દ્વારા પથ સંચલનની સાથે શસ્ત્રપૂજન કરાયું

જાફરાબાદ, તા.૨૦

જાફરાબાદ તાલુકાના વિવિધ ગામોમાંથી સ્વયંસેવકોનું ઘોષ સાથે શહેરના મુખ્ય માર્ગો પર પથ સંચલન નીકળ્યું હતું, નગરવાસીઓ દ્વારા ઠેર ઠેર ભગવાધ્વજનું ફુલ, કંકુ અને ચોખા દ્વારા સ્વાગત પૂજન કરવામાં આવ્યું. આ પથ સંચલન નિમિત્તે શસ્ત્રપૂજન પણ કરવામાં આવ્યું હતું. સ્વયંસેવકો દ્વારા આર.એસ. એસની સ્થાપનાના શતાબ્દી વર્ષ નિમિત્તે પંચ પરિવર્તન વ્યવહારમાં લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો જેમાં સમરસતા, સ્વદેશી, કુટુંબ પ્રબોધન, પર્યાવરણ, નાગરિક શિષ્ટાચાર વિશે વાત કરવામાં આવી હતી. આ તકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિભાગ સહ કાર્યવાહ દ્વારા શાખા કાર્યકર્તાઓને સંબોધિત કરવામાં આવ્યા હતાં.



તસવીર : બાબુભાઈ વાટેળ

# વરૂડી ગામની યુવતી ઘરેથી ચાલી નીકળી

અમરેલી, તા.૨૦

અમરેલીના વરૂડી ગામની એક યુવતી ઘરેથી કોઈને કહ્યા વગર ચાલી નીકળી હતી. જેની ઘણી તપાસ કરવા છતાં કોઈ ભાળ મળી નહોતી. બનાવ અંગે ખોડીદાસ ભુપતભાઈ અજાણી (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી પ્રિયાંશીબેન (ઉ.વ.૨૦) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી અને આજુબાજુ તથા સગાસંબંધીમાં તપાસ કરવા છતાં મળી આવી નહોતી.

# રાજુલામાં પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી કરી ગઠીયો ફરાર

રાજુલા, તા.૨૦

રાજુલામાં એક ફ્લેટના પાર્કિંગમાં પાર્ક કરેલ બાઈકની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે જુની બારપટોળી ગામે રહેતા કલ્પેશભાઈ ભરતભાઈ દેસાઈ (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના નાનભાઈ બ્રીજેશભાઈએ રાજુલામાં શુભમ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં બાઈક પાર્ક કરી હતી. ૩૦ હજારની કિંમતના બાઈકની અજાણ્યો શખ્સ તકનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# કેરાળા ગામ પાસે ટ્રકે પલટી મારી : કોઈ જાનહાનિ નહીં

લાઠી, તા.૨૦

અમરેલી લાઠી રોડ પર કેરાળા ગામના પાટીયા પાસે એક ટ્રક પલટી મારી ગયો હતો. જોકે તેમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. બનાવ અંગે ગીર સોમનાથના કોડીનાર તાલુકાના અરણેજ ગામના ભાવસીંગભાઈ માલાભાઈ ગોહીલ (ઉ.વ.૩૩)એ ભાવેશભાઈ મુળાભાઈ બાભણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા આરોપી અમરેલીથી કેરાળા ગામ તરફ પોતાના હવાલાવાળો ટ્રક લઈને જતા હતા ત્યારે રોડની નીચે પલટી મારી જતાં, તેમને ઈજા થઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા તાલુકાના ગોઢાવદરમાં શરદ પૂનમના રાસ ગરબાની રમઝટ જામી

લીલીયા, તા.૨૦

લીલીયાના ગોઢાવદર રામજી મંદિર યુવક મંડળ અને શ્રી ખોડિયાર યુવક મંડળ દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. તેમાં ખેલૈયા ઝૂમી ઉઠ્યા હતા. ખેલૈયાઓ અને નાની બાળાઓએ સરસ મજાના રાસ લીધા હતા. ખોડિયાર મંડળ દ્વારા બાળકોને અને રામજી મંદિર દ્વારા બાલિકાઓને સરસ મજાની ભેટ આપવામાં આવી હતી. રામજી મંદિરના પૂજારી હસમુખ બાપુ, સંકટ મોચન હનુમાનજી મંદિરના બાલકદાસ બાપુ, પ્રેમ ધામ આશ્રમના નુરી બાપુના હસ્તે ભેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



તસવીર : ભરત વિંઝુડા

# લાઠીના પ્રતાપગઢ ગામની સીમમાં પત્ની સાથે બોલાચાલી બાદ પતિએ ઝેરી દવા પીધી

લાઠી, તા.૨૦

**સારવાર દરમિયાન પતિનું મોત થયું**

લાઠીના પ્રતાપગઢ ગામની સીમમાં એક પરપ્રાંતીય ઈસમે પત્ની સાથે બોલાચાલી બાદ ઝેરી દવા પીધી હતી. જેને લઈ તેને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના ભાભરા તાલુકાના કોરીયા પાનના અને હાલ પ્રતાપગઢ ગામે રહેતા બદલીબેન વાખલા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમને તેના પતિ માનસિંગભાઈ કાળુભાઈ વાખલા (ઉ.વ.૪૫) સાથે બોલાચાલી થઈ હતી. જેને લઈ મનમાં લાગી આવતાં પોતાની મેળે વાડીના મકાનમાં રાખેલી કપાસમાં છાંટવાની ઝેરી દવી પી લીધી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ.ખેર વધુ તપાસ કરી રહ્યા છે. મૂળ ઉત્તરપ્રદેશના બીછવા તાલુકાના અને હાલ રાજુલામાં કોવાયા માઈન્સ કોલોનીમાં રહેતા શંકરાલાલ પ્યારેલાલ લાખા (ઉ.વ.૪૮) ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હોવાનું તેમના પત્ની પ્રેમાદેવી શંકરલાલ લાખા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યુ હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ પંચમી
તા. ૨૧-૧૦-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૬:૨૧,
સૂર્યાસ્ત-૦૫:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ રોહિણી

## દૈનિક રાશિફળ

**તા.૨૧-૧૦-૨૦૨૪ સોમવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઇ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધિ થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, કર્મ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ, મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશીર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# અમરેલીમાંથી એક સગીર સહિત ૭ શકુનીઓ પોલીસના હાથે ઝડપાયા

અમરેલી, તા.૨૦

**જિલ્લામાં બે સ્થળે જુગારીઓ પર પોલીસ ત્રાટકી**

અમરેલી જિલ્લામાંથી જુગારની બદી દૂર કરવા પોલીસ સતત કામગીરી કરી રહી છે. અમરેલી શહેરમાંથી એક સગીર સહિત સાત તથા સાવરકુંડલામાંથી ચાર મળી કુલ ૧૧ જુગારીને રૂ.૨૨,૩૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. અમરેલીમાં જૈન દેરાસર સામે, ધકાણ હોલ વાળી શેરીમાં એક એપાર્ટમેન્ટમાંથી પોલીસે તનવીરભાઈ ઉર્ફે કબુતર અમીનભાઈ બીલખીયા, ફરજુકભાઈ અસ્લમભાઈ અગવાન, ફેજલભાઈ યુસુફભાઈ રઈસ, સરફરાજભાઈ ઈકબાલભાઈ શેખ, મુનીરખાન અબ્દુલખાન યુસુફજી, અસરફભાઈ કાસમભાઈ કુરેશી તથા એક બાળ કિશોર મળી કુલ સાત જુગારીને રોકડા ૧૦,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાંથી મનુભાઈ જગુભાઈ ભીસરીયા, પ્રકાશભાઈ ઉર્ફે પપ્પુ ગુંણવતભાઈ ધોરડા, રફીકભાઈ શાબાનભાઈ કમાણી તથા રાકેશભાઈ વ્રજલાલભાઈ પંડ્યા હારજીતનો જુગાર રમતાં રોકડા ૧૧,૬૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ હાજાભાઈ કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.લાઠી**

કેસ નં. જન્મ/મરણ પરચુરણ અરજ ૪૦/૨૪

અરજદાર :- દિપકભાઈ રાણાભાઈ નારોલા,
રે. મુ. સુરત, જી. સુરત

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારી નગર પાલિકા
દામનગર, તા.લાઠી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતા સર્વે ને આ નોટીસથી જાણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાનાં લાઠી તાલુકાના દામનગર ગામનાં રહીશ અરજદારનાં બહેનનાં પુત્ર શ્રી અજય ઝીણાભાઈ શીહોરાનો જન્મ મોજે દામનગર, તા.લાઠી ગામે તા. ૦૫/૦૮/૧૯૭૭ નાં રોજ થયેલ હોવાની જન્મ_નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામનાં સામાવાળા દ્વારા જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય, તેઓએ તેમનાં મુખત્યાર મારફતે કે જાતે અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૮/૧૧/૨૦૨૪ નાં રોજ ૦૩.૩૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તા. (કોર્ટનો સિક્કો) તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
લાઠી






તંત્રી લેખ

# પશ્ચિમ બંગાળમાં ભ્રષ્ટાચાર બેફામ

પશ્ચિમ બંગાળમાં અરાજકતા, અવ્યવસ્થા અને ભ્રષ્ટાચાર બેફામ બની ચૂક્યા છે. સંસ્કાર ભૂમિ ગણાતા બંગાળમાં સાંસ્કૃતિક આક્રમણો થઈ રહ્યા છે. આમાં ગેરકાનૂની રીતે ઘુસેલા લોકો મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

સૌથી વધુ ગેરકાનૂની ઘૂસણખોરી પૂર્વોતર રાજ્યો અને બંગાળમાં થઈ રહી છે. જે રાષ્ટ્રની સૌથી મોટી સમસ્યા ગણી શકાય. મ્યાનમારમાંથી પણ થઈ રહી છે. કાશ્મીર સરહદે પણ આ જ પરિસ્થિતિ હતી પરંતુ હવે સરકારની સક્રિયતાથી આ પ્રવૃત્તિ અટકી છે. આ આપણા દેશનો સૌથી મોટો મુદ્દો છે જેને કારણે આતંકવાદ વધુ ને વધુ વકરતો જાય છે. બંગાળમાં ગેરકાનૂની વકરી છે તેને માટે ઈતિહાસમાં ડોકિયું કરવું પડે તેમ છે.

વિશાળ બંગાળ પ્રાંતમાં વહીવટી કાર્યક્ષમતા લાવવાના બહાના હેઠળ ઈ.સ. ૧૯૦૫માં તે સમયના વાઈસરૉયએ બંગાળના પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ એમ બે ભાગલા પાડ્યાં. આની પાછળ કર્ઝનનો ઈરાદો સમગ્ર ભારતમાં સૌથી વધારે જાગ્રત બંગાળી પ્રજાની – હિન્દુ અને મુસ્લિમ પ્રજાની કોમી એકતા તોડવાનો હતો. કોમી એકતા તૂટતા પશ્ચિમ બંગાળમાં આજે સૌથી વધુ ઘૂસણખોરી થઈ રહી છે. બંગાળના નાના મોટા તમામ રાજકીય પક્ષો એને આવકારે છે કારણ કે એનાથી તેની મતબૅંક તગડી બને છે. માત્ર ભાજપ તેને વખોડે છે. આ ઘૂસણખોરીને ૩૪ વર્ષના ડાબેરી શાસન દરમિયાન કાયદેસરતા મળી. ડાબેરી શાસન દરમિયાન પાર્ટી કેડરના નામે એક મોટું જૂથ ઊભું થયું. સરકાર પર સંગઠનનું નિયંત્રણ હોવું જોઈએ, લોકશાહી પ્રણાલીમાં આ સ્વીકારી શકાય છે પરંતુ સંગઠનના ભાગ પર સમાંતર વ્યવસ્થા ચલાવવી અને દરેક સ્તરે શાસનમાં દખલગીરી માત્ર શાસનની નિષ્પક્ષતાનો નાશ કરે છે. પરંતુ શાસનને બિન કાર્યક્ષમ પણ કરે છે. મોટા નેતાથી માંડીને નાના કાર્યકર સુધી સ્થાપિત ડાબેરી વ્યવસ્થા ઉપરથી નીચે સુધી વહીવટને ગુલામ બનાવવામાં સફળ રહી. વહીવટ અને સમાંતર પક્ષ પ્રણાલીએ મળીને ગુના અને રાજકારણનું મજબૂત જોડાણ બનાવ્યું. આ જોડાણમાં પૈસા, શક્તિ અને તાકાત હતી. નીચેથી મળતા પૈસા ઉપર સુધી પહોંચતા રહ્યા. જનતા સાથે છેતરપિંડી કરવામાં આવી. પશ્ચિમ બંગાળનો સમાજ એ સંસ્થાકીય પ્રણાલીથી પરેશાન હતો. દાયકાઓ સુધી ડાબેરીઓના શાસન તળે બંગાળની જનતા કચડાતી રહી. આવા સમયે મમતા બેનરજીએ ઝંડો ઉપાડ્યો અને પ્રજાને તેમાં વિશ્વાસ આવ્યો. બંગાળી સમાજને લાગ્યું કે સંઘર્ષ કરી રહેલી મમતા એક નવો પવન બની જશે અને પશ્ચિમ બંગાળની વ્યવસ્થામાંથી અરાજકતા અને ભ્રષ્ટાચાર દૂર કરશે. લોકોને રાહત મળશે પણ અફસોસ એવું ન થયું. મમતા પણ એ જ પગલાંને અનુસરી. મમતા સત્તામાં આવી ત્યારે શરૂઆતમાં લોકોને સારું લાગ્યું કે હવે પરિસ્થિતિ સુધરશે પરંતુ ત્યારબાદ તેણે બમણા જોરથી અરાજકતા અને ભ્રષ્ટાચારને છૂટો દોર આપ્યો. પોલીસને પૈસા ઉઘરાવવાની છૂટ આપી તેને ટાર્ગેટ આપ્યા. પોલીસ, પ્રેસ અને પોલિટિકલ પીપલ આ ભ્રષ્ટાચારમાં ભાગીદાર બન્યા પરિણામે જનતા અતિ પરેશાન થઈ. ગેરકાયદે ઘૂસણખોરી ચાલુ રહી. પશ્ચિમ બંગાળના લોકો ઘૂસણખોરો અથવા પૂર્વ બંગાળના લોકોને બંગાળી કહે છે. આનો અર્થ એ થયો કે બંગાળને સોંપવામાં આવી રહેલી રાજનીતિ અને સરહદ પાર લઘુમતી તુષ્ટીકરણને કારણે વહીવટીતંત્ર કાં તો લકવાગ્રસ્ત બની ગયું છે અથવા તો શાસક તંત્રનો ચારો બની ગયો છે. વહીવટીતંત્રનો આ વરવો ચહેરો ૧૬મી ઓગસ્ટે પણ દેખાઈ આવ્યો હતો, જ્યારે આરજી કારની પીડિતાનો રિપોર્ટ રાત્રે ૧૧.૩૦ વાગ્યે નોંધવામાં આવ્યો હતો, જ્યારે ૧૫ ઓગસ્ટની રાત્રે ૨ થી ૨.૩૦ વાગ્યાની વચ્ચે તેની સાથે બળાત્કાર કરી હત્યા કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પણ તેની નોંધ લીધી અને કોલકાતા પોલીસને ફટકાર લગાવી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ તો ત્યાં સુધી કહ્યું કે તેઓએ તેમના ત્રીસ વર્ષમાં આવું ક્યારેય જોયું નથી. મમતાએ વહીવટમાં કોઈ ગુણાત્મક ફેરફાર કર્યો ન હોવાથી, તેના બદલે તેમણે ડાબેરી જેવી કેડર સિસ્ટમ વિકસાવી અને તેને છૂટ આપી. સ્થાનિક પોલીસને લઘુમતી કાર્યકરો અને આગેવાનો સામે ઝૂકવાની ફરજ પડી હતી. તેના કારણે રાજ્યમાં ગુનામાં વધારો થયો અને પોલીસની સજામાં ઘટાડો થયો. લોકોમાં પોલીસના ડર રહ્યો નહીં. એવી માન્યતા છે કે રાજકારણમાં આવી જાઓ એટલે પોલીસ તમારો વાળ પણ વાંકો નહીં કરી શકે. આવી માનસિકતા થઈ એટલે ગુનાખોરીને ઉત્તેજન મળ્યું અને બંગાળમાં પરિસ્થિતિ વધુ ને વધુ બગડવા લાગી. તેની સામે રાજ્ય સરકારની ઈરાદાપૂર્વકની નિષ્ક્રિયતા સામે લોકો મજબૂર બન્યા. ગુનાખોરીને સીધું સમર્થન સરકારે આપ્યું પરિણામે બળાત્કારો સહિતની ગુનાખોરી વધતી ગઈ. એક સમયનું સંસ્કાર ધામ ગણાતું બંગાળ આજે પતનની ખીણમાં ડૂબેલું છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**કારકિર્દી માર્ગદર્શન**
- અમરેલી ગણિત વર્તુળ
પ્રિ.એચ.એલ. પટેલ
મો. ૯૪૨૮૭ ૯૭૭૦૩

**તા.૧૪/૧૦/૨૪ અંકનાં એકમ રિતિનાં થોડા વધુ ઉદાહરણો :**

(૭) A, B અને C માણસો એકસાથે, એક કામ 20 દિવસમાં પુરું કરી શકે છે. તેમાં A એકલો તે કામ 50 દિવસમાં પુરું કરી શકે છે, B એકલો તે કામ 60 દિવસમાં પુરું કરી શકે છે, તો C એકલો તે કામ કેટલા દિવસમાં પુરું કરશે ?

જવાબ : A,B અને C એક સાથે 20 દિવસમાં એક કામ પુરૂ કરી શકે છે.

તેથી A,B અને C, એક સાથે 1 દિવસમાં $\frac{1}{20}$ ભાગનું કામ કરી શકે...(૧)

આજ રીતે A એકલો 1 દિવસમાં $\frac{1}{50}$ ભાગનું કામ કરી શકે.

B એકલો 1 દિવસમાં $\frac{1}{60}$ ભાગનું કામ કરી શકે.

તેથી A અને B, 1 દિવસમાં $\frac{1}{50} + \frac{1}{60}$ ભાગનું કામ કરી શકે...(૨)

તેથી C, 1 દિવસમાં $\frac{1}{20} - (\frac{1}{50} + \frac{1}{60})$ ભાગનું કામ કરી શકે.

તેથી C, $\frac{1}{20} - \frac{1}{50} - \frac{1}{60} = \frac{15-6-5}{300} = \frac{4}{300} = \frac{1}{75}$ ભાગનું કામ 1 દિવસમાં પુરૂ કરી શકે...(૩)

તેથી C ને 1 કામ(આખું કામ) પુરૂં કરવા 75 દિવસ લાગશે. જવાબ

(૮) એક પાણીની ટાંકી, A નળથી ભરતાં 12 કલાક લાગે છે, જયારે B નળથી ભરતા 16 કલાક લાગે છે, અને ભરેલી(આખી) ટાંકીને ખાલી કરવાનો નળ C, 8 કલાક જેટલો સમય લે છે. જો ત્રણેય નળ એક સાથે ખોલવામાં આવે તો ટાંકીને ભરાતાં કેટલો સમય લાગશે ?

જવાબ : A નળ ટાંકી ભરતાં 12 કલાક લે છે.

તેથી A નળ, $\frac{1}{12}$ ભાગ ટાંકી ભરતાં 1 કલાકનો સમય લેશે.

તેવી જ રીતે B નળ, $\frac{1}{16}$ ભાગ ટાંકી ભરતાં 1 કલાકનો સમય લેશે.

જયારે C નળથી, $\frac{1}{8}$ ભાગ ટાંકી ખાલી કરવા 1 કલાકનો સમય લેશે.

તેથી ત્રણેય નળ એક સાથે ખોલતાં, 1 કલાકમાં $\frac{1}{12} + \frac{1}{16} + \frac{1}{8}$ ભાગ ટાંકી ભરાશે.

તેથી વળી, $\frac{1}{12} + \frac{1}{16} - \frac{1}{8} = \frac{4+3-6}{48} = \frac{1}{48}$ હોવાથી,

તેથી ત્રણેય નળ 1 કલાકમાં $\frac{1}{48}$ ભાગ ટાંકી ભરે છે.

તેથી ત્રણેય નળ દ્વારા આખી ટાંકી ભરાતા 48 કલાક સમય લેશે. જવાબ

(૯) A એક કામ 10 કલાકમાં પુરૂં કરે છે, B તે જ કામ 12 કલાકમાં પુરૂં કરે છે, અને C તે કામ 15 કલાકમાં પુરૂં કરે છે. હવે, A,B અને C એ ત્રણેય મળીને તે જ કામ 2 કલાક સુધી કરે છે, 2 કલાક પછી A કામ છોડી દે છે, B અને C, 1 કલાક સાથે કામ ચાલુ રાખે છે, વળી 1 કલાક પછી B પણ કામ છોડી દે છે તો C એકલો હવે બાકી રહેલું કામ કેટલા દિવસમાં પુરૂં કરશે ?

જવાબ : A,B,C ત્રણેય એક સાથે 2 કલાક કામ કરતાં, $2(\frac{1}{10} + \frac{1}{12} + \frac{1}{15})$

$= 2(\frac{6+5+4}{60}) = 2 \times \frac{15}{60}$

$= \frac{1}{2}$ ભાગનું કામ પુરૂં કરે

તેથી 2 કલાક પછી $\frac{1}{2}$ ભાગનું કામ બાકી રહે...(૧)

કામની શરૂઆતનાં 2 કલાક પછી B અને C, એકસાથે 1 કલાક કામ કરતાં

$\frac{1}{12} + \frac{1}{15} = \frac{9}{60}$ ભાગનું કરે

તેથી 3 કલાક પછી બાકી રહેતું કામ $\frac{1}{2} - \frac{9}{60} = \frac{21}{60}$

$= \frac{7}{20}$ ભાગનું કામ બાકી રહે...(૨)

તેથી $\frac{7}{20}$ ભાગનું બાકી રહેલું કામ, હવે C એ એકલા કરવાનું છે.

C, આખું કામ 15 કલાકમાં પુરૂં કરી શકતો હોવાથી,

તેથી C, $\frac{7}{20}$ ભાગનું કામ $\frac{7}{20} \times 15 = \frac{7}{4} \times 3 = \frac{21}{4} = 5\frac{1}{4}$ કલાકમાં પુરૂં કરશે. જવાબ

(૧૦) A માણસની દોડવાની ઝડપ કલાકનાં $\frac{5}{2}$ માઈલની છે, અને B માણસની દોડવાની ઝડપ કલાકનાં $\frac{15}{4}$ માઈલની છે.

હવે A અને B, માઈલ 2 માઈલ અંતરની દોડ સ્પર્ધામાં ભાગ લે છે તો, (૧) બંનેમાં પહેલું કોણ પહોંચશે ?, (૨) જીતનાર માણસ કેટલો વખત વહેલો પહોંચશે ? (૩) હારનાર માણસ કેટલા અંતરે પાછળ રહ્યો હશે ?

જવાબ : A ની દોડવાની ઝડપ 1 કલાકે (60 મીનીટ) $\frac{5}{2}$ માઈલની છે. ( $\frac{5}{2} = 2.5$)

તેથી 2.5 માઈલ દોડ અંતર 60 મીનીટમાં કાપે છે.

તેથી 1 માઈલ અંતર $\frac{60}{2.5} = \frac{600}{25} = 24$ મીનીટમાં કાપે,

તેથી 2 માઈલ અંતર 24X2=48 મીનીટમાં કાપે...(૧)

B ની દોડવાની ઝડપ 1 કલાકે (60 મીનીટ) $\frac{15}{4}$ માઈલની છે. ($\frac{15}{4} = 3.75$)

તેથી 3.75 માઈલ દોડ અંતર 60 મીનીટમાં કાપે છે.

તેથી 1 માઈલ દોડ અંતર $\frac{60}{3.75} = \frac{6000}{375} = 16$ મીનીટમાં કાપે

તેથી 2 માઈલ દોડ અંતર 2X16=32 મીનીટમાં કાપે...(૨)

પરિણામ (૧) અને (૨) પરથી કહી શકાય કે

A અને B માંથી પહેલો પહોંચશે.(32< 48)...જવાબ-૧

B, A કરતાં 48-32=16 મીનીટ વહેલો પહોંચશે... જવાબ-૨

અને, A, B કરતાં 16 મીનીટ પાછળ રહે છે. એટલે 48-16=32 મીનીટમાં,

A કેટલા માઈલ દોડયો હશે ? તે ગણીએ.

48 મીનીટમાં 2 માઈલ દોડેલ છે.

તેથી 1 મીનીટમાં $\frac{1}{48}$ માઈલ દોડે.

તેથી 32 મીનીટમાં $32 \times \frac{2}{48} = \frac{64}{48} = \frac{4}{3}$ માઈલ અંતર કાપેલ હશે.

તેથી $2 - \frac{4}{3} = \frac{2}{3}$ માઈલ- પાછળ રહ્યો.


તેથી હારનાર માણસ $\frac{2}{3}$ માઈલ પાછળ રહ્યો હશે..જવાબ-૩

# રાહ જોવાનું અને રાહ જોવડાવવાનું સુખ દુઃખ !

મનન ચિંતન
ભરત બાવીશી



જગતમાં દરેક વ્યક્તિના સ્વભાવ જુદા જુદા હોય છે. કોઈ સમયપાલનમાં એક્કા હોય છે. પરફેક્ટ પ્લાનિંગ સાથે ચાલતા આવા લોકોની છાપ દરેકના મગજમાં સારી હોય છે અને આવા નિયમિત લોકોનો સ્વભાવ પણ એવો હોય છે કે કોઈને રાહ જોવડાવવી તેમને ગમે નહિ તેવીજ રીતે કોઈની રાહ જોવી પણ બિલકુલ ગમે નહિ. કેટલાક લોકો અંદાજે ચાલતા હોય છે અથવા તો એને સામેવાળાના સમયની કિંમત હોતી નથી. ટાઈમ મેનેજમેન્ટ બાબતમાં આવા લોકોની છાપ થોડી રફ હોય છે. આવા લોકો કોઈને સમય આપે એના કરતા કાયમ મોડા હોય છે. દરેક કામમાં ખાસ કરીને સમયની બાબતમાં બેદરકાર લોકો તેની રાહ જોનાર માટે માથાના દુઃખાવા સ્વરૂપ બની જાય છે. જીવનમાં આપણે બન્ને પરિસ્થિતિનો વારંવાર અનુભવ કરતા હોઈએ. ઘણીવાર આપણે કોઈને મળવા માટેનો કે આપણા કે એના કોઈ કામ બાબતનો આપણી ધારણા મુજબનો ચોક્કસ ટાઈમ આપ્યો હોય અને પછી અચાનક આપણે ક્યાંક બીજે જવાનું થાય અને આપેલ ટાઈમે મળવાનું બંધ રહે કે મોડું થાય ત્યારે ખુદ આપણે મનમાં ગ્લાનિ અનુભવીએ છીએ.સામે રાહ જોનારને પણ કેટલીક રાહ જોવડાવવી એનું ગણિત મનમાં ચાલે અને પછી ટાઈમ ફેરવીએ કે મળવાનું કેન્સલ કરીએ ત્યારે આપણી નિયમિતતા કે સમયપાલનની છાપ થોડી ખરડાય છે. સામાન્ય રીતે આપણી કોઈ રાહ જોતુ હોય એની ચિંતા ઓછા લોકોને હોય.પણ જ્યારે આપણે બીજાની રાહ જોવી પડે ત્યારે સમયની કિંમત સમજાતી હોય છે. કોઈ પાંચ દસ મિનિટમાં આવું છું એમ કહીને બે ત્રણ કલાક રાહ જોવડાવે ત્યારે આપણા મનમાં સામેની વ્યક્તિ પ્રત્યે અણગમો પેદા થાય છે. વળી એકવાર નહિ પણ વારંવાર આવું થાય ત્યારે દર વખતે તે અલગ અલગ બહાનાબાજી કાઢતા હોય છે. એમની પાસે બહાના તૈયાર જ હોય છે. કદાચ એમને પોતાના કામ અને પોતાનો સમય જ કિંમતી લાગતો હોય છે. બીજાના સમયનું મૂલ્ય એમના માટે હોતું નથી. એનાથી ઉલટું જ્યારે એવા લોકોને બીજાની રાહ જોવી પડે ત્યારે ઉંચા-નીચા થઈ જતાં હોય છે. આ જગતમાં એકજ વસ્તુ એવી છે જે બધાંને એકસરખી મળે છે. બાકી બધું ઝાઝું થોડું મળતું હોય છે. આ વસ્તુ એટલે સમય. રાજા હોય કે પ્રજા હોય, નોકર હોય કે શેઠ હોય, માલિક હોય કે મજૂર, ગરીબ હોય કે ધનવાન, બધાને દરરોજ ૨૪ કલાક મળે છે. આમ ટાઈમ બધાને સરખો મળે છે, પણ ટાઈમ ટેબલ બધાનું જુદું જુદું હોય છે. સમયનું મેનેજમેન્ટ ખૂબ મહત્વનું છે. સમય બાબતમાં માણસની એક ચોક્કસ છાપ હોય છે. વહેલું મોડું ક્યારેક ચાલી શકે, દરરોજ થતું હોય તો એક આદત પડી ગઈ હોય છે. એક પ્રકારની માનસિકતા જ કામ કરે છે. કોઈ સમયને અનુસરે છે તો કોઈ સમયથી છેટા ચાલે છે. રાહ જોવડાવનારને જ્યારે કોઈની રાહ જોવી પડે ત્યારે ક્ષણિક અહેસાસ થાય છે ફરી મૂળ માનસિકતા પર ચાલવા લાગે છે. પણ એક વાત ચોક્કસ છે કે તમે સમયને સાચવી લ્યો તો સમય તમને સાચવી લેશે અન્યથા સમય જતાં આઝાદી અકળાવનારી સાબિત થાય છે. રાહ જોવાનો બીજો અર્થ કોઈ વ્યક્તિ, વસ્તુ, પાત્ર કે પ્રસંગની કે મળવાની લાંબા સમય સુધી રાહ જોવી એટલે કે ધીરજ ધરવી. જેમકે શબરી રામના આગમનની રાહ જોતી હતી, મીરાબાઈ શ્યામના સ્નેહની રાહ જોતી હતી. પરદેશ કમાવા ગયેલ સ્વજનના સ્વદેશ આગમનની રાહ જોવી વગેરે કિસ્સાઓમાં રાહ જોવામાં કંટાળો નથી આવતો ઉલટાની કૈંક સારા દિવસોની આશા હોય છે. અહી રાહ જોવડાવનાર પ્રત્યે રાહ જોનારને ધૃણા કે નફરત નથી થતી. તેમજ રાહ જોવડાવનારનો ઈરાદો એના રાહ જોનાર સ્વજનને તડપવવાનો પણ નથી હોતો. યુવાનોને માટે સારી કારકિર્દીથી લઈને જીવનસાથીની પસંદગીની બાબત હોય કે માતા પિતા માટે સંતાનોના નોકરી, ધંધા કે એમના શુભ પ્રસંગોની રાહ જોવી એ જીવન જીવવાની જડીબુટી સમાન હોય છે. કેટલીક બાબતોમાં રાહ જોવી કે રાહ જોવડાવવી બન્ને આનંદ આપનારા હોય છે. જ્યારે કેટલીક બાબતોમાં રાહ જોવાતી પળ કોઈ એક માટે મઝા લેનાર તો બીજા માટે મરવા સમાન હોય છે. આમ રાહ જોવી અને જોવડાવવી બન્નેમાં સમય અને સંજોગની પરિસ્થિતિ પ્રમાણે આપણો અભિગમ જુદો જુદો હોય છે. રાહ જોવાનું સુખ હોય કે દુઃખ પણ હોય. કોઈ કોઈના આવવાની રાહ જોતા હોય તો કોઈ કોઈના જવાની રાહ જોતા હોય છે. કોઈ કોઈના માટે કૈંક કરી છૂટવાની રાહ જોતા હોય છે તો કોઈ કોઈનું કરી નાખવાની રાહ જોતા હોય છે. કોઈ કોઈના સારા સમયની રાહ જોતા હોય છે તો કોઈ કોઈના ખરાબ સમયની રાહ જોતા હોય છે. આમ સંસારમાં રાહ શબ્દ સુખ કે દુઃખ આપનાર છે અને કોઈને કોઈની રાહ જ ના હોય તો જીવન શુષ્ક બની જાય છે. માટે, "રાહમાં ખૂબ રાહત હોય છે, કાં કોઈની ચાહત હોય છે કાં અંદરથી આહટ હોય છે."




# તી..ખા..તી..ખા..મરચાની મીઠી વાત





ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા



નવરાત્રીનાં પવિત્ર દિવસો ગયા પછી જગતના તાતે મોસમના કામકાજમાં પડવાની તૈયારી કરી લીધી હતી. કોઈ ખેડૂત મિત્રોએ મગફળી ઉપાડી લીધી હતી અને ખેતરમાં પાથરા કર્યા હતા. તો કોઈ ખેડૂતો આભે વાદળી જોઈને થોડી રાહ જોવાનું વિચારી રહ્યા હતા. જયારે સોયાબીનની લાણી પડુ-પડુ થઈ રહી છે. તો કયાંક ભારે હૈયે ઓપનરમાંથી કાઢવામાં આવ્યા છે. કપાસના પુંભડા-ખુલ્લુ-ખુલ્લુ થઈ રહ્યા હતા. એવામાં વરસાદે ખેડૂતોની મોસમ ઉપર પાણી ફેરવી દીધુ છે. વરસાદ વિના જીવન કે ઉદ્યોગ કે ખેતી શકય નથી. વરસાદથી જ હરિયાળી છે. પરંતુ સમયસર આવે તો. વર્તમાન કમોસમી સાર્વત્રિક વરસાદથી જગતનો તાત ચિંતામાં છે. કંઈ-કેવા સપનાઓ સજાવીને બેઠેલા જગતના તાતના સપના રોળાઈ ગયા છે. ખેડૂતો એ અસંગઠીત છે. રાત-દિવસ મહેનત કરે પણ હકનું માંગવા માટે કયારેય આંદોલન ન કરે, કરે તો દબાવી દેવામાં આવે. કર્મચારીઓનો પગાર વધારો, પેન્શન, બોનસ પણ મારા દેશના ખેડૂતો અને ખેતમજૂરો માટે અટલ પેન્શન યોજના ખરી પણ લાભાર્થીઓ નહિવત છે. આ સ્થિતિઓ વચ્ચે કાળા માથાનાં મહેનતુ ધરતીના સંતાનો સફળતા મેળવી રહ્યા છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પડવલા ગામના કિરણભાઈ રતિભાઈ બરોચીયાએ તીખા મરચાની મીઠી ખેતી અપનાવીને મરચાના જથ્થાબંધ વેપારીઓમાં પોતાની ખુબ સારી નામના મેળવી છે. ૪૫ વર્ષિય કિરણભાઈનો અભ્યાસ ૧૨ ધોરણ છે. તેની પાસે આશરે ૪૫ વિઘા જેટલી જમીન છે. ચોમાસા દરમ્યાન તેઓ મગફળી, કપાસ અને મરચીનું વાવેતર કરે છે. છેલ્લા ૨૦ વર્ષથી તેઓ મરચીનું વાવેતર કરે છે. પહેલા દેશી મરચાનું વાવેતર કરતા હતા. વર્તમાન સમયમાં છેલ્લા સાત-આઠ વર્ષથી હાઈબ્રિડ મરચીનું વાવેતર કરે છે. દર વર્ષ ઓગષ્ટ માસ આસપાસ મરચીના ઘરૂ તૈયાર કરીને ઓકટોબર - નવેમ્બરમાં વાવેતર કરે છે. દર વર્ષે ૧૫ થી ૨૦ વિઘાની મરચીનું વાવેતર કરનાર કિરણભાઈ કહે છે, "મારા ખેતરમાં ધોરીયે પાણી આપવામાં આવતું નથી. ડ્રીપ અને મલ્ચીંગ દ્વારા વાવેતર કરવામાં આવે તો જરૂરિયાત મુજબ પાણી અને ખાતર આપી શકાય છે. ઉપરાંત નિંદામણ થતુ નથી."

મજાની વાત એ છે કે, કિરણભાઈએ સંતુલીત ખેતી અપનાવી છે. તેઓએ રેસીડયુ ખેતી અપનાવી છે. જેમાં ઓર્ગોનિકસ દવાનો ઉપયોગ કરતા જયારે રોગ- જીવાત નિયંત્રણ ઉપર કંટ્રોલ કરવા સામાન્ય પેસ્ટીસાઈડનો પણ ઉપયોગ કરે છે.

કિરણભાઈ પોતાની ખેતીની સફળતાની વાત કરતા કહે છે, "હું માર્કેટમાં લીલી મરચા કે ચટણી બનાવી નથી વેચાણ કરતો. મારા કવોલીટી મરચાના હિસાબે મરચાના વેપારીઓ મારા ખેતર ઉપર આવે છે અને મારી પાસે એડવાન્સ બુકીંગ કરાવે છે. હું કવોલીટી મરચા સુકા વેચાણ કરૂ છું." કિરણભાઈને વિઘે સુકા મરચાનો ૫૫ થી ૬૦ મણનો ગયા વર્ષે ઉતારો આવ્યો છે અને ૫૦૦૦ થી ૫૫૦૦ રૂપિયા મણે વાડી બેઠા વેચાણ કરે છે. તેઓ કહે છે વિઘે બિયારણ, દવા, ખાતર, મજૂરીનો ખર્ચ રૂ.૪૦,૦૦૦ આસપાસ રહ્યો છે. છતાં પણ કમાણી સારી છે. ઉપરાંત કિરણભાઈને બેસ્ટ ફાર્મરનો એવોર્ડ પણ મળ્યો છે. મળવા જેવા અને માહિતી મેળવવા જેવા કિરણભાઈ છે. તેઓનો **સપંર્ક નં. ૯૯૦૯૬૯૩૬૫૫**

**તિખારો ::- નદીની ઉંડાઈ માપી શકાય માણસના મનની નહિ. સમયે - સમયે વર્તન બદલતી સ્વાર્થી વ્યક્તિ ઉપર વિશ્વાસ એટલે વિપત્તીને નોતરૂં.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન ૯૨૭૫૭૦૮૩૪૨

જમીનમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ વધવાના કારણે અને રાસાયણિક દવાઓ તેમજ નિંદામણ નાશકનો વધુ પડતો ઉપયોગ થવાથી જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે. હવે જમીનમાં રાસાયણિક ખાતરોના ઉપયોગ વગર ઉત્પાદન આવતું નથી. ધીમે ધીમે જમીન બંજર બનતી જાય છે ત્યારે રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઓછો કરવો જરૂરી છે. તે માટે બજારમાં મળતા જમીનનો કાર્બન અને તંદુરસ્તી વધરતા બેક્ટેરીયલ ખાતરોનો ઉપયોગ કરવો જોઈએ.

## કપાસ

» કપાસમાં આર્થિક ફાયદો ના મળે તેમ હોય તો તે કાઢી શિયાળુ પાકનું વાવેતર કરવું.

» કપાસ તૈયાર થયે ભેજ ઉડી જાય ત્યારે સુકી જગ્યામાં સંગ્રહ કરવો અને વેચતી વખતે પાણી છાંટવું નહિ.

» નબળી ગુણવત્તાવાળો કપાસ અલગ રાખવો.

## દિવેલા



» દિવેલાના પાકમાં માળમાં ડોડવાના પાકતી વખતે કાચા ન ઉતારે તે ખાસ ધ્યાન રાખવું.

» માળના વિકાસની અવસ્થાએ ભેજની ખેંચ ન રહે તે માટે જમીનની પ્રત પ્રમાણે ૧૫ થી ૨૦ દિવસના ગાળે પિયત આપવા.

## ઘઉં

» ઘઉંનું વધુ ઉત્પાદન મેળવવા માટે ઘઉંની વાવણી સમય નવેમ્બરમાં કરવી.

» કોઈપણ પાકનું વાવેતર કરવું હોય તો તેની વાવવાની તારીખ જાણીને જ વાવેતર કરવું.

» ૧૦૦ કિ.ગ્રા. બિયારણ દીઠ બાયફેન્થ્રીન ૧૦% ઈસી.૨૦૦ મિ.લિ. દવાને પાંચ લિટર પાણીમાં ઓગાળી આગળની રાત્રે સારી રીતે પટ આપી ખુલ્લામાં સૂકવીને બીજા દિવસે વાવેતર કરવું.

» પિયત ઘઉંમાં નિંદામણના રાસાયણીક નિયંત્રણ માટે પેન્ડીમિથેલીન (સ્ટોમ્પ) દવાને પ્રતિ હેક્ટરે ૧ કિલો સક્રિય તત્વ ૬૦૦ લિટર પાણીમાં ઓગાળી વાવણી બાદ તુરત જ (ઘઉં ઉગ્યા પહેલા) છંટકાવ કરવો.

» વહેલું કે મોડું વાવેતર કરવાથી ઉત્પાદન અને ગુણવત્તા પર માઠી અસર થાય છે.

» શિયાળુ પાકોનું ઠંડીની શરૂઆત પહેલાં વાવેતર કરવાથી ઉગાવો, વૃધ્ધિ અને વિકાસ પર વિપરીત અસર થાય છે.

## શેરડી

» શેરડીમાં આંતરપાક તરીકે ચણા, લસણ અથવા ડુંગળીનું વાવેતર કરવું.

» શેરડીમાં સંકલિત ખાતર વ્યવસ્થા માટે શેરડીનું વધુ ઉત્પાદન અને ખાંડનો સારો ઉતારો મેળવવા માટે ભલામણ કરેલ રસાયણિક ખાતર સાથે હેક્ટર દીઠ ૨૫ ટન કહોવાયેલું છાણીયું ખાતર આપવું જોઈએ. છાણીયા ખાતરની અવેજીમાં હેક્ટરે ૬૨૫ કિલો દીવેલીનો ખોળ અથવા ૧૨ ટન જુનો પ્રેસમડ આપવાની ભલામણ છે. જે ખેડૂત એક વર્ષ જુનો પ્રેસમડ ૧૨ ટન / હેક્ટરે આપે, તેમણે ફોસ્ફરસના ભલામણ કરેલ જથ્થાનો અડધો જ જથ્થો આપવો.



**રાઈ:** હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૨૫ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૫૪ કિલોગ્રામ ડી.એ.પી. અને 33 કિલોગ્રામ યૂરિયા અથવા ૭૬ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર જમીનમાં ઓરીને આપવું.

» બિયારણનો દર ૩.૫ કિલોગ્રામ પ્રતિ હેક્ટર રાખવો. વિવિધ મસાલા પાકો માટે વાવણીનો યોગ્ય સમય -

» જીરૂની વાવેતર નવેમ્બરના પ્રથમ અઠવાડિયામાં જયારે ઠંડીની શરૂઆત થાય અને દિવસનું ઉષ્ણતાપમાન ૩૦ અંશ થી ૩૨ અંશ સેન્ટીગ્રેડની આસપાસ થાય ત્યારે કરવું જોઈએ.

» ચોમાસું વરયાળીના પાક માટે ધરૂની ફેરરોપણી ઓગસ્ટ માસના બીજા પડખવાડિયામાં વરસાદી વાતાવરણમાં કરવી હિતાવહ છે.

» રવી ઋતુમાં વરીયાળીનું વાવેતર ૧૫ ઓક્ટોબર બાદ જ્યારે તાપમાનમાં ઘટાડો થાય અને રાત્રીના પાછલા પહોરમાં ઠંડીની શરૂઆત થાય ત્યારે કરવું જોઈએ.

» મેથી અને ધાણાની વાવણીનો યોગ્ય સમય નવેમ્બરના પ્રથમ અઠવાડિયાનો છે. જયારે સુવા અને અજમાની વાવણી ઓક્ટોબર માસ દરમ્યાન કરવી.

**દાડમ:** » દાડમમાં હસ્તબહાર લેવી. પિયત ચોમાસું પૂરું થાય પછી બંધ કરવું.

» નિયમિત પિયત આપવાથી ફળ ફાટતા નથી.

## કેળ : સીગાટોકા પાનના ત્રાકિયા ટપકા

» રોગ દેખાય ત્યારે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ અથવા મેક્રોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ અથવા પ્રોપીનેબ ૭૦ વેપા ૨૭ ગ્રામ અથવા પ્રોપીનેબ ૭૦ વેપા ૨૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી રોગની તીવ્રતા પ્રમાણે ૧૫ દિવસના અંતરે બે થી ત્રણ છંટકાવ કરવા. દવાના પ્રવાહી મિશ્રણ સાથે એક ચમચી સ્ટીકર ઉમેરવું હિતાવહ છે.

» રોગિષ્ઠ ડાળીઓ કાપી લીધા બાદ કોપર ઓક્સિક્લોરાઈડ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી અથવા ૧ % ના બોર્ડો મિશ્રણ અથવા સ્ટ્રેપ્ટ્રોમાયસીન સલ્ફેટ (સ્ટ્રેપ્ટોસાયક્લીન) ૧ ગ્રામ કોપર ઓક્સિક્લોરાઈડ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

બિયારણ પસંદગી વખતે આટલું ધ્યાન રાખશું.

» કૃષિ હવામાન વિસ્તાર પ્રમાણે જુદાં જુદા પાકોની જાતો બહાર પાડવામાં આવે છે, જે સ્થાનિક કે અગાઉની જાત કરતાં વધારે ઉત્પાદન, સારી ગુણવત્તા અને રોગ-જિવાત સામે પ્રતિકારક હોય છે.

## મકાઈ

મકાઈ સ્વીટકોર્ન હાઈબ્રીડ જીએએસસીએચ - ૧૧ (મધુરમ) રવી ઋતુમાં વાવેતર માટે ભલામણ છે.

આ ગાભમારાની ઈયળ સામે પ્રતિકારકશક્તિ ધરાવે છે.

## તુવેર

લીલી ઇયળનાં નિયંત્રણ માટે નર ફૂંદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવા. આ જીવાતનું એનપીવી ૪૫૦ એલઇ/હે છાંટવું. લીમડાની લીંબોળીનો અર્કનો ઉપયોગ કરવો. અથવા ડાયક્લોરવોશ અથવા ક્વિનાલફોસ પૈકી કોઇપણ એક દવાનો છંટકાવ કરવો.

## થ્રીપ્સ

ઓળખ : આ જીવાતનાં બચ્ચાં અને પુખ્ત બારીક, લાંબા, કાળા રંગના અને આશરે ૧ મી. મી. લંબાઈનાં હોય છે.

નુકસાન : આ જીવાતનાં બચ્ચાં અને પુખ્ત પાન અને ફૂલો ઉપર ખાસ પ્રકારની મુખાંગો વડે બારીક ઘસરકા પાડીને કુમળા પાન તેમજ ફૂલોમાંથી નીકળતો રસ ચૂસે છે. નુકસાન થયેલ પાનની સપાટી સૂકાઈ જવાથી ઝાંખી સફેદ દેખાય છે. પાન કોકડાઈ જાય છે, ફૂલ ખરી પડે છે અને છોડનો વિકાસ રૂંધાય છે.

## નિયંત્રણ

શોષક પ્રકારની દવા, જેવી કે ડાયમીથોએટ ૧૦ મિ.લિ. અથવા ફ્લોનીકામાઈડ ૩ ગ્રામ અથવા થાયામીથોક્ઝામ ૪ ગ્રામ અથવા ઈમિડાક્લોપ્રીડ ૪ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં મેળવીને જરૂરત મુજબ છંટકાવ કરવો.

## તુવેર : વંધ્યત્વનો રોગ

» આગળના વર્ષના છોડ જો શેઢાપાળા પર કે ખેતરમાં રહી ગયેલ હોય તો તેને દૂર કરવા. શરૂઆતમાં રોગીષ્ઠ છોડ દેખાય તો ઉપાડી નાશ કરવો.

» પાન કથીરીથી રોગ ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે ફેનાઝાક્વિન ૧૦ મિ.લિ. અથવા પ્રોપરગાઈડ ૧૦ મિ.લિ. અથવા ફેનપાયરોક્ષીમેટ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મેળવીને છંટકાવ કરવો.

## ચણા

» ગુજરાત ચણા-૧, ૨, ૩, ૫, ૬, ૭, દાહોદ પીળા, ચાફામાંથી કોઈ પણ એક જાતનું વાવેતર કરો.

» વાવેતર વખતે હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૫૦ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૧૦૯ કિલોગ્રામ ડી.એ.પી. અને ૧૨ કિલોગ્રામ યુરિયા અથવા ૨૭ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું અને ૮૦ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવું.




# ઘેટાં અને બકરાનું રહેઠાણ

ડો. જીતેન્દ્ર એમ. ભુતેડીયા ૧, ડો. યોગેંદ્રસિંહ એચ. ગઢવી ૨, ડો. પરવેજ જે. ચાવડા ૧, ૩- પશુચિકિત્સા અધિકારી- પશુપાલન વિભાગ- ગુજરાત, ૨-મદદનીશ પ્રધ્યાપક, પોલીટેકનીક ખડસલી, કામધેનુ યુનીવર્સીટી

### » ઘેટાં અને બકરાના રહેઠાણ માટે સામાન્ય વિગતો

- ઘેટાં અને બકરા માટે તેની શ્રેષ્ઠ ઉત્પાદન કાર્યક્ષમતા માટે ઓછી કિંમતની આવાસ સામગ્રી સાથે સાદા શેડની જોગવાઈ પૂરતી છે.
- માટીના માળ સાથેના શેડ દેશના મોટાભાગના ભાગો માટે યોગ્ય છે સિવાય કે જ્યાં વધુ વરસાદ જોવા મળે છે.
- પાણીની સ્થિરતાને રોકવા માટે શેડ ઊંચા વિસ્તારમાં બાંધવા જોઈએ.
- શેડની આસપાસ ચારાનાં વૃક્ષો ઉગાડી શકાય છે, જે વધતી બકરીઓ માટે ખોરાકના સ્ત્રોત તરીકે કામ કરે છે.
- બકરીઓ માટે પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ હોવું જોઈએ.
- શેડ યોગ્ય વેન્ટિલેશન સાથે બાંધવા જોઈએ.
- બાંધકામ કરતી વખતે શેડની દિવાલો તિરાડો અથવા છિદ્રોથી મુક્ત હોવી જોઈએ.
- શેડના માળ મજબુત હોવા જોઈએ અને તેમાં પાણી શોષવાની ક્ષમતા હોવી જોઈએ.
- ફ્લોર એવી રીતે બાંધવા જોઈએ, જેથી તે સરળતાથી સાફ થઈ શકે.
- શેડના પ્રકારો ઉછેરની પદ્ધતિ પર આધાર રાખે છે. કવર્ડ એરીયા અને રન સ્પેસ સાથે ઓપન ટાઈપ હાઉસિંગ સામાન્ય રીતે પર્યાપ્ત છે. રન સ્પેસ સાંકળ લિંક્સ દ્વારા આવરી લેવામાં આવવી જોઈએ.
- કવર્ડ એરીયાનો ઉપયોગ રાત્રે અને પ્રતિકૂળ આબોહવાની પરિસ્થિતિઓ દરમિયાન પ્રાણીઓના આશ્રય માટે થાય છે.
- ફ્લોરને સૂકવવા માટે વેન્ટિલેશન/હવાની અવર-જવરની પર્યાપ્ત જોગવાઈ માટે પૂર્વ-પશ્ચિમ તરફના શેડ યોગ્ય છે.
- સસ્તી કિંમત અને ટકાઉપણુંને કારણે ઘાસ-ચારાની છત શ્રેષ્ઠ અનુકૂળ છે. જો કે વાટાદાર એસ્બેસ્ટોસ શીટ્સનો ઉપયોગ પુનરાવર્તિત ખર્ચ ઘટાડવા અને લાંબા સમય સુધી ટકાઉપણું રાખવા માટે ઓર્ગનાઇઝ્ડ ફાર્મ માટે પણ કરી શકાય છે.
- ગેબલ રૂફિંગ (ત્રિકોણાકાર ઢળતી છત) સામાન્ય રીતે પસંદ કરવામાં આવે છે.
- જ્યારે ઘેટા-બકરાને દિવસના દરમ્યાન ચરવા માટે લઈ જવામાં આવે છે અને માત્ર રાત્રે જ આશ્રય આપવામાં આવે છે, ત્યારે કવર્ડ એરીયા જેટલી જગ્યા પૂરતી હોય છે. જ્યારે ઘેટા-બકરાને ઇન્ટેન્સીવ ફાર્મીંગ/ સઘન રીતે રાખવામાં આવે છે, ત્યારે રહેઠાણની પેન (શેડ) અને રન (ઓપન) સિસ્ટમ અનુકૂળ રહે છે.
- શેડની લંબાઈ માટે કોઈ પ્રતિબંધ નથી, જો કે શેડની પહોળાઈ ૧૨ મીટરથી વધુ ન હોવી જોઈએ અને શેડની ઇષ્ટતમ પહોળાઈ ૮ મીટર હોવી જોઈએ.
- ઈવની ઊંચાઈ ૨.૫ મીટર હોવી જોઈએ અને રિજ પરની ઊંચાઈ ૩.૫ મીટર હોવી જોઈએ. ખુલ્લી જગ્યા માટે ઉપયોગમાં લેવાતી સાંકળ લિંકની ઊંચાઈ ૪ ફૂટ હોવી જોઈએ. ઓવરહેંગની લંબાઈ ૭૫ સે.મી થી - ૧ મીટર હોવી જોઈએ.
- કોન્સન્ટ્રેટ ફીડ, લીલો ચારો અને પાણી માટે અલગ ફીડર અને પાણીના કુંડા મુકવા જોઈએ.

### » ઓર્ગનાઈઝ્ડ ફાર્મમાં ઘેટાં અને બકરીના રહેવા માટે નીચેના પ્રકારના વિવિધ શેડની આવશ્યકતા રહે છે

- સામાન્ય ફ્લોક્સ શેડ- ઇવ (ઘેંટી) / ડો (બકરી)
- રેમ-નર ઘેટા અથવા બક- બકરા માટેનો શેડ
- લેમ્બિંગ અથવા કિડિંગ શેડ
- લેમ્બ અથવા કીડ શેડ
- બીમાર પશુ શેડ
- ઉન કાપણી રૂમ અને સ્ટોર રૂમ
- એટેન્ડન્ટનો રૂમ

### » સામાન્ય ફ્લોક્સ શેડ- ઈવ (ઘેંટી) / ડો (બકરી)

- ફ્લોક્સ શેડ એ સંવર્ધન હેતુ માટે રાખવામાં આવેલ ઇવ (ઘેંટી) / ડો (બકરી) માટે વાપરવામાં આવે છે.
- આ શેડ ૧૫ મી. લંબાઇ X ૪ મી. પહોળાઇ X ૩ મી. ઉંચાઇવાળો હોવો જોઈએ અને તેમાં વધુમાં વધુ ૬૦ જેટલી ઇવ (ઘેંટી) / ડો (બકરી)ને સમાવી શકાય છે.
- આ શેડ ત્રણ મીટર ઉંચો હોવો જોઈએ અને તેની કિનારી ઈંટોથી સજ્જ હોવી જોઈએ.
- નીચાણવાળા અને ભારે વરસાદવાળા વિસ્તારોમાં, ફ્લોર પ્રાધાન્યપણે ઉંચા હોવા જોઈએ અને સમશીતોષ્ણ પ્રદેશોમાં તે મજબૂત લાકડાના બનેલા હોવા જોઈએ.

### » રેમ-નર ઘેટા / બક- બકરા માટેનો શેડ

- સંવર્ધન હેતુ માટે રાખવામાં આવેલ ઘેટાં અથવા બકરાને આ શેડમાં વ્યક્તિગત રીતે રાખવામાં આવે છે. વૈકલ્પિક રીતે, લાકડાના પાર્ટીશનો મોટા શેડમાં ઉભા કરી શકાય છે જેથી કરીને સ્ટોલમાં પાર્ટીશન કરી શકાય.
- પરિમાણ ૪ મી. લંબાઇ X ૨.૫ મી. પહોળાઇ X ૩ મી ઉંચાઇ છે અને તે લગભગ ૩ નર ઘેટા / બકરાને સમાવી શકે શકાય છે.
- શેડને ત્રણ સરખા કમ્પાર્ટમેન્ટ બનાવવા માટે લંબાઈની દિશામાં વિભાજિત કરવામાં આવે છે.

### » લેમ્બિંગ / કિડિંગ શેડ

- આ શેડનો ઉપયોગ સગર્ભા ઈવ અથવા ડો માટે પ્રસૂતિ રૂમ તરીકે કરવામાં આવે છે, અને આ શેડમાં વ્યક્તિગત રીતે રાખવામાં આવે છે,
- આ શેડની ૧.૫ મી. લંબાઇ X ૧.૨ મી પહોળાઇ X ૩ મી ઉંચાઇ હોય છે.
- શેડમાં ખોરાક રાખવા માટે ગમાણ અને પાણી રાખવા માટે એક ડોલ રાખવામાં આવે છે, આ શેડને ઠંડા પવનોથી રક્ષણ મળે તે રીતે બનાવવામાં આવે છે



# "સૂક્ષ્મ તત્વોનું શાકભાજી પાકોમાં મહત્વ"

દિક્ષિતા પઢીયાર, ભાવિક ગોંડલિયા, એચ.જે. સેંજલિયા અને એચ.એન. પટેલ અને બી.વી. ઠુમર વેજીટેબલ સાયન્સ, બાગાયત મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., જૂનાગઢ

**પ્રસ્તાવના:** સૂક્ષ્મ તત્વો જેવા કે લોહ, જસત, તાંબુ, મેંગેનીઝ, મોલીબ્ડેનમ, બોરોન જે બહુ ઓછા પ્રમાણમાં શાકભાજીનાં પાકોને જરૂરીયાત હોવાથી સૂક્ષ્મ તત્વો તરીકે ઓળખીએ છીએ. સુક્ષ્મ પ્રમાણમાં જરૂરીયાત હોવા છતા છોડનાં વિકાસ અને વૃધ્ધિમાં મુખ્ય અને ગૌણતત્વો (નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ, કેલ્શીયમ, મેગ્નેશીયમ, ગંધક) જેવા આવશ્યક પોષક તત્વો જેટલુ મહત્વનું સ્થાન ધરાવે છે. મુખ્ય અને ગૈણતત્વોની જેમ સુક્ષ્મતત્વોનાં ઊણપના કારણે વૃધ્ધિ અને વિકાસ તો અટકે છે તે ઉપરાંત પાકનું ઉત્પાદન પણ ઘટે છે. જો આ સૂક્ષ્મ તત્વોનું પ્રમાણ જમીનમાં વધી જાય તો પણ તેની પાક ઉત્પાદનમાં આડ અસર જોવા મળે છે. તેથી સૂક્ષ્મ તત્વોની ઊણપ તથા વધારે માત્રામાં પૂર્તિ શાકભાજીનાં પાકોને નુકસાન પહોંચાડે છે. ગુજરાત રાજયની જમીનોમાં કુલ વાવેતર વિસ્તારમાં ૬૯ ટકા વિસ્તારમાં જસતની ઊણપ અને ૫૯ ટકા વિસ્તારમાં લોહની ઊણપ જણાય છે. ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રની ચૂનાયુક્ત જમીનમાં જસત અને લોહની ઊણપ સવિશેષ જોવા મળે છે. ગુજરાતમાં મેંગેનીઝ, તાંબુ, બોરોન અને મોલીબ્ડેનમની અપૂરતાવાળો વિસ્તાર અનૃક્મે ૧૭,૧૨,૮ અને ૧૦ ટકાનો નોંધાયેલ છે.

## જમીનમાં પોષકતત્વોની લભ્યતાને અસર કરતા પરિબળો :

જમીનમાં પોષક તત્વોની લભ્યતા મુખ્યત્વે (૧) જમીનનો અમ્લતા આંક (૨) ઝીણી માટીનું પ્રમાણ (૩) મુક્ત ચૂનો (૪) સેન્દ્રિય તત્વ (૫) જમીનનો ભેજ (૬) જમીનનું ઉષ્ણતામાન (૯) તત્વો સાથે પારસ્પરિક સંબંધ, જેવા અનેક પરિબળો ઉપર આધાર રાખે છે. ખાસ કરીને સુક્ષ્મ તત્વોની ખામી હલકી પ્રતની રેતાળ, ખડકાળ, પથ્થરિયા, ચૂનાવાળી તેમજ ઓછા નિતારવાળી ક્ષારીય જમીનો કે અમ્લતા આંક ઉંચો હોય તેવી ભાસ્મીક જમીનમાં તેમજ જમીનના ઉપલા પડનું ધોવાણ થયેલ હોય તેવી જમીનમાં વર્તાય છે. શાકભાજીનાં જુદા જુદા પાકોની જરૂરીયાત ઊણપની પરિસ્થિતિની વિસ્તૃત માહિતી નીચે કોઠામાં આપેલ છે.



## કોઠોઃ ૧ સૂક્ષ્મ તત્વોનાં ઉણપની પરિસ્થિતિ અને પરિબળો

| સૂક્ષ્મ તત્વ | ઉણપની પરિસ્થિતિ |
|---|---|
| ઝસત | ઓછા પ્રમાણમાં સેન્દ્રિય પદાર્થનું હોવું , અમ્લીય આંક ૭ કરતા ઓછો, ફોસ્ફરસનું વધારે પ્રમાણ, વધારે સેન્દ્રિય જમીન, વધારે સમય ભેજ રહેવો. |
| મેંગેનીઝ | અમ્લીય આંક ૮.૮ કરતા વધારે, સેન્દ્રિય જમીન, રેતાળ જમીન, વધારે સમય જમીનમાં ભેજ રહેવો. |
| બોરોન | ઓછા પ્રમાણમાં સેન્દ્રિય પદાર્થ, ૭.૪ કરતા વધારે અમ્લીય આંક, ઘસારો પહોંચેલી જમીન, રેતાળ જમીન, દકાળ જેવી પરિસ્થિતી. |
| લોહતત્વ | ૭.૪ કરતા વધારે અમ્લીય આંક, વધારે સમય જમીનમાં ભેજ રહેવો, કેલકેરીયસ જમીન. |
| કોપર | રેતાળ જમીન, સેન્દ્રિય જમીન, વધારે ઓછા પ્રમાણમાં અમ્લીય આંક, ચૂનાયકત જમીન. |
| મોલીબ્ડેનમમ | અમ્લીય જમીન (અમ્લીય આંક ૫.૫ કરતા નીચો), વધારે પ્રમાણમાં ઘસારા પામેલી જમીન. |

# બંગાળની ખાડીમાં સર્જાયું ચક્રવાતી તોફાન, ફરી વરસાદ ધમરોળશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦

દેશમાં હવામાન ઝડપથી બદલાઈ રહ્યું છે. ઉત્તર ભારતમાં ઠંડીએ જોર પકડ્યું છે, જ્યારે દક્ષિણ ભારતમાં વરસાદ ચાલુ છે. આ દરમિયાન બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાન સર્જાયું છે, જેના કારણે દેશના રાજ્યોમાં ફરી જળ પ્રલય જેવી સ્થિતિ સર્જાઇ શકે છે. હવામાન વિભાગે આ અંગે એલર્ટ જાહેર કર્યું છે. સાયક્લોનિક પરિભ્રમણ ઉત્તર તમિલનાડુ કિનારે દક્ષિણ પશ્ચિમ અને અડીને આવેલા પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી પર હાજર છે, જે મધ્ય ઉષ્ણકટિબંધીય સ્તર સુધી વિસ્તરે છે. તે જ સમયે, એક ચક્રવાતી પરિભ્રમણ પણ મધ્ય આંદામાન સમુદ્ર પર સ્થિત છે. ૨૧ ઓક્ટોબરના રોજ મધ્ય બંગાળની ખાડી પર એક નવું નીચા દબાણનું ક્ષેત્ર રચાય તેવી શક્યતા છે, જેના કારણે દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદ થશે. ૨૦-૨૧ ઓક્ટોબરે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં અને ૨૪-૨૫ ઓક્ટોબરે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં વાદળો રહેશે. ચક્રવાતી તોફાનની અસર દેશના ઘણા રાજ્યોમાં જોવા મળશે. આઈએમડીએ ઓરેન્જ અને રેડ એલર્ટ જારી કર્યું છે. તામિલનાડુ, ૨૧-૨૨ અને ૨૪ ના રોજ પુડુચેરી, ૨૧-૨૨ ના રોજ ઉત્તરીય આંતરિક કર્ણાટક, ૨૧-૨૩ ના રોજ દક્ષિણ આંતરિક કર્ણાટક, ૨૦ થી ૨૪ ઓક્ટોબર સુધી કેરળમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે. આંધ્રપ્રદેશમાં ૨૧, ૨૩ અને ૨૪ ઓક્ટોબર દરમિયાન વાદળો રહેશે.



# મહારાષ્ટ્રમાં ભાજપે ૯૯ બેઠક માટે પ્રથમ યાદી જાહેર કરી

### દેવેન્દ્ર ફડણવીસ નાગપુર દક્ષિણ-પશ્ચિમ બેઠક પરથી ચૂંટણી લડશે

મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જેમાં કુલ ૨૮૮ વિધાનસભા બેઠક પૈકી ૯૯ બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. મહારાષ્ટ્ર ભાજપના દિગ્ગજ નેતા તથા રાજ્યના ઉપમુખ્યમંત્રી ફડણવીસ નાગપુર દક્ષિણ-પશ્ચિમ બેઠકથી ચૂંટણી લડશે. જ્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ બાવનકુલે કામઠી, આશિષ શેલાર બાંદ્રા પશ્ચિમ, છત્રપતિ શિવેન્દ્ર રાજે ભોંસલે સતારાથી ચૂંટણી લડશે. ભાજપ મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનમાં ચૂંટણી લડવા જઈ રહ્યું છે. જેમાં ભાજપ, શિવસેના (શિંદે જૂથ), અને એનસીપી (અજિત પવાર) પક્ષ સામેલ છે. બેઠક ફાળવણી મુદ્દે છેલ્લા કેટલાક દિવસો સુધી યોજાયેલી લાંબી બેઠકો બાદ ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મહાયુતિ ગઠબંધન હેઠળ ભાજપ ૧૫૦-૧૬૦ બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારીમાં છે, જ્યારે શિવસેના ૭૫થી ૮૫ બેઠકો પર, એનસીપી ૪૮-૫૫ બેઠકો પર ઉમેદવારોને ટિકિટ આપી શકે છે.



# બદ્રીનાથ-કેદારનાથ માટે ઉદ્યોગપતિ મુકેશ અંબાણીનું પાંચ કરોડનું દાન

બદ્રીનાથ,તા.૨૦


ભારતના પ્રખ્યાત ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, ૨૦ ઓક્ટોબરે ઉત્તરાખંડના બે મુખ્ય તીર્થસ્થળો શ્રી બદ્રીનાથ ધામ અને શ્રી કેદારનાથ ધામની મુલાકાતે ગયા હતા. તેમની ધાર્મિક મુલાકાત દરમિયાન, તેમણે બંને ધામો પ્રત્યે તેમની લાગણી વ્યક્ત કરી અને ૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું, મુકેશ અંબાણીએ તેમની ધાર્મિક મુલાકાત શ્રી બદ્રીનાથ ધામથી શરૂ કરી, તેઓ સવારે શ્રી બદ્રીનાથ મંદિર પહોંચ્યા, જ્યાં પૂજારીઓ અને ભક્તોએ તેમનું સ્વાગત કર્યું. શ્રી બદ્રીનાથ ધામ, જેને ભગવાન વિષ્ણુનું નિવાસસ્થાન માનવામાં આવે છે, તે દેશના સૌથી પ્રખ્યાત તીર્થસ્થળોમાંનું એક છે.



# જયપુરમાં આરએસએસના કાર્યકરો પર હુમલો કરનારના ઘર પર બુલડોઝર ફર્યું

જયપુર,તા.૨૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્યો પર છરી વડે હુમલો કરનાર આરોપી નસીબ ચૌધરીના ઘર પર બુલડોઝર ફેરવવામાં આવ્યું છે. આ દરમિયાન જય શ્રી રામના નારા લાગ્યા હતા. આ પહેલા જેડીએએ આરોપી નસીબ ચૌધરીના ઘરે નોટિસ ચોંટાડી હતી. નોટિસનો જવાબ મળ્યા બાદ, JDAએ રવિવારે રાજસ્થાનમાં બુલડોઝરનો ઉપયોગ કર્યો હતો, જ્યાં જયપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્યો પર છરી વડે હુમલો કરનાર આરોપી નસીબ ચૌધરી સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. બુલડોઝર વડે તેનું ઘર જમીન પર તોડી પાડવામાં આવ્યું હતું. ગુરુવારે એક મંદિરમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન કેટલાક લોકોએ કરેલા હુમલામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા ૧૦ લોકો ઘાયલ થયા હતા, જે દરમિયાન નસીબ ચૌધરીના ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર દોડ્યું હતું, જે દરમિયાન જય શ્રી રામના નારા લાગ્યા હતા.



# ઓડિશાના મયુરભંજ જિલ્લામાં નદીમાં ડૂબી જતા ત્રણ બાળકોના મોત

મયુરભંજ,તા.૨૦

ઓડિશાના મયુરભંજ જિલ્લામાં શનિવારે સુવર્ણરેખા નદીની નહેરમાં ત્રણ છોકરાઓ ડૂબી ગયા, જેના પરિણામે તેમનું મૃત્યુ થયું. પોલીસે આ માહિતી આપતાં જણાવ્યું કે, આ ઘટના સરસકાણા વિસ્તારમાં બની જ્યારે ૧૩-૧૪ વર્ષના છોકરાઓ તેમના મિત્રો સાથે કેનાલ પાસે ક્રિકેટ રમી રહ્યા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બોલ નહેરમાં પડ્યો હતો જેના પછી એક છોકરો તેને લેવા ગયો હતો પરંતુ અન્ય બે લોકોએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ત્રણેય પાણીના જોરદાર પ્રવાહમાં વહી ગયા હતા. ફાયરના જવાનોએ છોકરાઓને બચાવ્યા અને સસ્કાના હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. મૃતકોની ઓળખ મદન મોહન સાહુ (૧૩), શ્રેયાંશુ સાહુ (૧૪) અને સાઈસુંદર સાહુ (૧૪) તરીકે થઈ છે.

# સિરસાના ખેડૂત પાસે રહેલા પાડાની કિંમત અધધ..૨૩ કરોડ રૂપિયા

સીરસા,તા.૨૦

સિરસાના પદ્મશ્રી ખેડૂત પલવિંદરસિંહના પાડા 'અનમોલ'ની કિંમત અધધ ૨૩ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આ ઉપરાંત હરિયાણાનાં પદ્મશ્રી ખેડૂત નરેન્દ્રસિંહનાં પાડા 'વિધાયક' અને 'ગોલૂ ટુ'ની કિંમત ૨૦ કરોડ અને ૧૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આ પાડા તેની ખાસ ઓલાદ અને હાઈ કવોલીટીનાં સીમેનના કારણે જાણીતા છે. અખિલ ભારતીય કિસાન મેળામાં સૌ કોઈ આ પાડા માં રસ દાખવી રહ્યા છે. લોકો તેની કિંમતને લઈને આશ્ચર્યચકિત છે. આ પાડાના માલિકોનું કહેવુ છે કે આ પાડાના સીમેન (સ્પર્મ)થી સારી ઓલાદની ભેંસો પેદા કરી શકાય છે. આ કિંમતી પાડાનું ખાનપાન પણ એવુ કિંમતી છે. તેમને હવામાનનાં હિસાબે કાજુ-બદામ અને ચણા ખવડાવવામાં આવે છે. તેમના ખોરાકનો રોજનો ખર્ચ ૧૫૦૦ રૂપિયા થાય છે. આટલુ જ નહિં આ ખાસ પાડા માટે માલિકોએ ખાસ એસી વાન પણ બનાવી છે. પાડા માલિક્ને ડેરી ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય માટે પદ્મશ્રીથી સન્માનીત કરાયા છે. આ કિંમતી પાડા માલિકોને પાડાના સીમેનના વેચાણથી સારી આવક થાય છે.



# છત્તીસગઢમાં નક્સલીઓએ કરેલા વિસ્ફોટમાં બે જવાનો શહીદ

નારાયણપુર,તા.૨૦

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં શનિવારે નક્સલીઓએ મોટી ઘટનાને અંજામ આપ્યો હતો. નક્સલવાદીઓ દ્વારા કરવામાં આવેલા લેન્ડમાઈન વિસ્ફોટમાં ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP)ના બે જવાનો શહીદ થયા હતા. આ સિવાય રાજ્ય પોલીસના બે જવાબી ઘાયલ થયા હતા. બસ્તર ક્ષેત્રના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે ITBPની ૫૩મી બટાલિયનના બે સૈનિકો, મહારાષ્ટ્રના સતારાના રહેવાસી અમર પંવર (૩૬), નારાયણપુર જિલ્લાના કોડલિયાર ગામ પાસેના જંગલ અને આંધ્રપ્રદેશના કુડ્ડાપાહના રહેવાસી કે રાજેશ (૩૬) શહીદ થયા હતા.

આ ઘટના અબુઝહમદ વિસ્તારમાં બપોરે ૧૨ વાગ્યે બની હતી. જ્યારે સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમ નક્સલ વિરોધી અભિયાન માટે નીકળી હતી ત્યારે ઘાયલ પોલીસ કર્મચારીઓને હેલિકોપ્ટર દ્વારા બહાર કાઢીને રાયપુરની નારાયણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.





# ધોરાજીમાં શરદપૂનમ દિને ભક્ત શ્રી તેજાબાપાની જન્મ જયંતીની ઉજવણી

ધોરાજી,તા.૨૦

ધોરાજીમાં ભક્ત શ્રી તેજાબાપા અન્નક્ષેત્ર સહાયક મંડળ ટ્રસ્ટ નેત્રયજ્ઞ સમિતિ, કીર્તન મંડળ દ્વારા શરદપૂનમના દિને ભક્ત શ્રી તેજાબાપાની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ આર.કે. કોયાણી, પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, હિતેશભાઈ કોયાણી, ખોડલધામ સમિતિના પ્રમુખ અરવિંદભાઈ વોરા, માધવ ગૌશાળા ટ્રસ્ટના ભુપતભાઈ કોયાણી, ક્રિસ્ટલ એકેડેમીના વિમલભાઈ કોયાણી, ધોરાજીના આગેવાનો, ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મંત્રી સુરેશભાઈ વઘાસિયા દ્વારા કરવામાં આવેલ હતું.



તસ્વીર : નયન કુહાડીયા

# સુપ્રીમ કોર્ટ જનતાની અદાલત છે : જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડ

ન્યુ દિલ્હી,તા.૨૦

મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે લોક અદાલત હોવાનો અર્થ એ નથી કે અમે સંસદમાં વિપક્ષની ભૂમિકા ભજવીએ. આજે પણ સુપ્રીમ કોર્ટની ભૂમિકાને લઈને લોકોની વિચારસરણીમાં મોટો તફાવત છે. જ્યારે અમે લોકોના પક્ષમાં ચુકાદો આપીએ છીએ ત્યારે લોકો સુપ્રીમ કોર્ટને એક અદભુત સંસ્થા કહે છે, જ્યારે તેમની વિરુદ્ધમાં ચુકાદો આવે છે ત્યારે લોકો તેને બદનામ કરવાનો પ્રયાસ કરે છે. તેમણે સર્વોચ્ચ અદાલતને લોકોની અદાલત ગણાવી છે. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટ જનતાની અદાલત છે.



# ડોળાસામાં દિવાળી પર્વ નિમિત્તે આરોગ્ય ટીમની સઘન કામગીરી

ડોળાસા,તા.૨૦

દિવાળીના તહેવારો નજીક હોવાથી ડોળાસા ગામમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો ના ફેલાય તે માટે વિઠ્ઠલપુરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આઠ ટીમો દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી હતી. ટીમે લોકોને પણ અનુરોધ કર્યો હતો કે, પાણીનો સંગ્રહ કરે નહીં. કારણ કે, મોટેભાગે ડેન્ગ્યુ, મેલેરિયાના મચ્છર પોતાના ઈંડા ચોખ્ખું, ખુલ્લું અને બંધિયાર પાણીમાં મુકતા હોય છે, જેના દ્વારા રોગચાળો ફેલાય છે.



# ડોળાસામાં દોઢ ઈંચ વરસાદથી પાક નિષ્ફળ જવાના આરે

કોડીનાર, તા.૨૦

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે દોઢ ઈંચ વરસાદ થયો હતો. જેના કારણે મગફળી ઉગી જવાની અને કલર કાળો પડી જવાની સંભાવના છે. ડોળાસા વિસ્તારમાં ચાર દિવસ પહેલા પવન સાથે વરસાદ થયો હતો. જેના કારણે કપાસના જીંડવા ખરી ગયા હતા અને ભારે પવનના કારણે કપાસનો પાક જમીનદોસ્ત થઈ ગયો હતો. આમ ડોળાસા વિસ્તારના મુખ્ય ત્રણ પાકો સતત વરસાદના કારણે નિષ્ફળ જવાના આરે છે. આ ઉપરાંત મૂંગા માલઢોરની નીરણ પણ નષ્ટ થઈ છે. ગુજરાત સરકાર કોડીનાર તાલુકાના ખેડૂતોને તુરત સહાય મળે તે માટે સર્વે કામગીરી હાથ ધરે તેવી ખેડૂતોની માંગ છે.



તસ્વીર : અનીલ કાનાબાર

# ગીર સોમનાથ જિલ્લામાં ઈકોઝોન વિરુદ્ધ ખેડૂતોનું સંમેલન મળ્યું

**ઇકોઝોન કાયદામાં કુટિર ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ કે ગૃહ ઉદ્યોગ ચલાવી શકાશે નહીં**

ઉના, તા.૨૦

ગીર સોમનાથનાં ગીરગઢડા ખાતે કોળી સમાજની વાડીમાં કેન્દ્ર સરકાર દ્વારા ગીર બોર્ડરને અડીને આવેલા ૧૯૬ જેટલા ગામોમાં સૂચિત ઈકોઝોન લગાવવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેની સામે ગીર પંથકમાં ખળભળાટ મચ્યો છે. ઈકોઝોન કાયદામાં કુટિર ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ કે ગૃહ ઉદ્યોગ ચલાવી શકાશે નહીં. આ ઉપરાંત ખેડૂતોને એ પણ ભય છે કે, 'ઈકોઝોન લાગતા ખેડૂતોને ખેતી કરવી મુશ્કેલ બનશે..!! વીજળી સરખી નહીં મળે. ૭/૧૨ નાં દાખલામાં પણ ઈકો ઝોનનો થપ્પો લાગી જતા વન વિભાગ પોતાની જોહુકમી કરશે તેવી ભીતિ ખેડૂતોને લાગી રહી છે. ખેડૂતોની અહીં એક માંગ છે કે સરકાર લેખિતમાં આપી દે કે ઈકોઝોન કાયદો આવતા ખેડૂતોને જંગલ ખાતા તરફથી કોઈ જ કનડગત નહીં રહે અને ખેડૂતોએ વન વિભાગની કોઈપણ પ્રકારે મંજૂરી લેવી નહીં પડે.





### :: સ્થાવર મીલકતના ઉતરોતર અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ખોવાઈ ગયા સંબધેની જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસથી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના કુડલા ગામે સુધરાઈ હદમાં આવેલ સીટી સર્વે નંબર ૪૭૬ ના કુલ ૨૨૫-૪૯ ચો. મી. વાળી મીલકત રમેશભાઈ દેવશીભાઈ સાપરા ની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલી છે, જે રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૦/૨૦૦૬ થી વેચાણે રાખેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૦૮૧ થી તા. ૧૭/૭/૧૯૯૫ ના રોજનો છે. તેમજ અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૮૮૭ થી તા. ૨૯/૬/૧૯૭૦ ના રોજનો છે તેમજ અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૫૨ થી તા.૨૧/૧/૧૯૫૯ ના રોજનો છે તેમજ અસલ મ્યુનિસિપલ લેખ નંબર ૪૮ થી તા. ૨૨/૭/૧૯૫૮ ના રોજનો છે. આ ઉપરોકત ચારેય અસલ વેચાણ દસ્તાવેજો શરતચુકથી ક્યાંક ખોવાઈ ગયેલ હોય, તેવી માહીતી અમોને આપવામાં આવેલ છે, આ ઉપરોકત ચારેય વેચાણ દસ્તાવેજો મળી આવતા ન હોવાથી તે જો કોઈને મળી આવેલ હોય કે મળી આવે તો, તે અમોને દિન-૭ માં નીચે જણાવેલ સરનામે અમોને પહોંચતો કરવા આથી જણાવીએ છીએ તેમજ ઉપરોકત મિલકતની માલીકી બાબતે ના ટાઈટલ કે તેના કોઈ પણ પ્રકારના હકક-હીત કે હીસ્સા સમાયેલ હોય કે તે બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો વાંધો તકરાર કે હરકત હોય તો જરૂરી આધાર પુરાવા સાથે તેવા હકક, હીત કે હિસ્સો સંબધેના આધારો અમારી પાસે દિન-૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. જો તેમ નહી કરવામાં આવે તો આ ટાઈટલ કલીયર અને ચોખ્ખી અને બીનતકરારી છે અને જે કાંઈ હકક હીત હોય તે વેવ કરેલ છે તેવુ માનવામાં આવશે અને આ પછી કોઈ પણનો વાંધો-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૨૧/૧૦/૨૦૨૪
અમરેલી.

અજય જે. રાઠોડ
એડવોકેટ
ઠે. કે. કે. પાર્ક, લાઠી રોડ, અમરેલી
મો.૯૮૨૪૯ ૩૦૩૧૬

## દિવાળીનો તહેવાર નજીક હોય વરસાદને કારણે બજારમાં ઘરાકી દેખાતી નથી, વેપારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા

# અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે મેઘરાજાની ધબધબાટી, વડીયામાં ૩ ઈંચ

**સતત વરસી રહેલા વરસાદને કારણે ખેડૂતોના મોઢે આવેલો કોળીયો છીનવાયો**

અમરેલી,તા.૨૦

અમરેલીમાં હવામાન વિભાગની આગાહીને પગલે બપોરે વીજળીનાં કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી વધી ગયેલા ભારે ઉકળાટ બાદ આજે પ્રચંડ ગાજવીજ સાથે તોફાની ભારે વરસાદ પડતા લોકોને ગરમીમાંથી રાહત મળી છે. ભારે વરસાદને કારણે કેટલાક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેને લઈને વાહનચાલકોને ભારે હાલાકી પડી હતી.

જોકે, રવિવાર હોવાથી શહેરમાં લોકો વરસાદનો આનંદ માણી રહ્યા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડતાં જગતનો તાત ચિંતામાં મુકાયો છે. જાણવા મળતી માહિતી મુજબ આજે બપોરે ૧ વાગ્યાથી વરસાદી વાતાવરણ જામ્યું હતું અને ૨:૩૦ વાગ્યા બાદ અચાનક વીજળીના પ્રચંડ કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. અમરેલી શહેરમાં વરસાદે સટાસટી બોલાવતા



રસ્તાઓ પર પાણી ભરાયા હતા. ભારે પવન સાથે પડી રહેલા ધોધમાર વરસાદને કારણે વાહનચાલકોને હાલાકી પડી હતી. જોકે, ૩ વાગ્યા બાદ વરસાદનું જોર ઘટ્યું હતું, જિલ્લામાં સૌથી વધુ વરસાદ વડીયા-કુંકાવાવમાં ૩ ઈંચ પડ્યો હતો. જેથી સુરવો ડેમના ત્રણ દરવાજા ૧-૧ ફૂટ ખોલવામાં આવ્યા હતા. જયારે અમરેલીમાં સવા ઈંચ, લીલીયામાં ૧૯ મીમી, ખાંભા-સાવરકુંડલામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ આવતીકાલે પણ વરસાદ પડવાની શક્યતા છે.

હાલ દિવાળીનાં તહેવારોને લઈને બજારોમાં ખરીદી કરવા લોકોની ભીડ ઉમટી હતી. પરંતુ અચાનક વરસાદ પડતાં મિનિટોમાં બજારો ખાલીખમ થઈ હતી. હાલ ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. જેને લઈ વેપારીઓ માટે આજનો દિવસ ફેઈલ થવા જેવો ઘાટ ઘડાયો છે.જિલ્લાના બગસરા, ધારી સહિતના વિસ્તારોમાં પણ ધીમીધારે સારો વરસાદ પડ્યો હતો. જિલ્લામાં મગફળીના પાથરા ખેતરોમાં ખુલ્લા પડયા હોય ત્યારે વરસાદે મગફળીના પાકનો સોથ વાળી દીધો હતો. મગફળીનો પાલો સડી જતા પશુચારો પણ નિષ્ફળ ગયો છે. છેલ્લાં બે દિવસથી અમરેલી જિલ્લામાં વરસી રહેલા વરસાદને કારણે ખેડૂતોને મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે.

## સુરતમાં બે કલાકમાં બે અકસ્માત : બેના મોત




સુરત,તા.૨૦

સુરતમાં વહેલી સવારની બે કલાકમાં બે અકસ્માતની ઘટના સામે આવી છે. પહેલાં અકસ્માતમાં માતા-પિતાને રેલવે સ્ટેશનથી લેવા બાઈક પર જઈ રહેલા કાપડ વેપારીને પૂરપાટ ઝડપે આવતા કારચાલકે ટક્કર મારતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. તો બીજા બનાવમાં સુરતમાં દીકરીને પહેલું કરવા ચોથનું વ્રત હોવાથી સામગ્રી આપવા આવેલા માતાનું મુંબઈ જવાં નીકળતાં રસ્તામાં કાળ ભેટ્યો હતો. પિકઅપ ટેમ્પોના ચાલકે બાઈક સવાર સાસુ-જમાઈને અટફેટે લેતાં જમાઈની નજર સામે જ સાસુનું કરુણ મોત નિપજ્યું હતું.

## અમરેલી સહિત રાજયના ૧૨ જિલ્લામાં યેલો એલર્ટ, હજુ બે દિવસ વરસાદ

અમદાવાદ,તા.૨૦

રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં હજુ પણ ચોમાસુ ચાલી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જોકે, નૈઋત્યના ચોમાસાએ દેશભરમાંથી સત્તાવાર રીતે વિદાય લઈ લીધી છે, તેમ ભારતીય હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. પરંતુ વિવિધ કારણોસર હજુ પણ ગુજરાતના કેટલાક ભાગમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હાલમાં



લોકલ કન્વેક્શનને કારણે અને ભેજનું પ્રમાણ વધુ હોવાથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. જોકે, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ખૂબ જ ઓછું છે, તેને કારણે આ ભાગોમાં તાપમાન પણ વધુ અનુભવાઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હજુ પણ આગામી ૪૮ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે ગાજવીજ સાથે વરસાદની શક્યતાઓ છે. તદુપરાંત હજુ પણ આગામી પાંચ દિવસ લઘુત્તમ અને મહત્તમ તાપમાન યથાવત્ રહેશે. રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, દીવ, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં યેલો એલર્ટની આગાહી કરવામાં આવી છે.

## પોરબંદરથી રાજુલા સુધી ૬ ચેકપોસ્ટ પર પોલીસનું હપ્તારાજ : ટ્રક માલિકનો આક્ષેપ

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢના મક્તુપુર ચેકપોસ્ટ પર બે દિવસ પહેલા જ એક પોલીસ કોન્સ્ટેબલને ૬,૫૦૦ ની લાંચ લેતા એસીબીએ રંગે હાથે ઝડપી પાડ્યો હતો. ત્યારે પોરબંદરથી રાજુલા સુધી છ ચેકપોસ્ટ આવેલી છે જેમાં હપ્તારાજ ચાલતા હોવાના ટ્રક માલિકે આક્ષેપો કર્યા છે. જેમાં ચેકપોસ્ટ પર દર મહિને લાખો રૂપિયાના હપ્તાઓ ચેકપોસ્ટ પર બેઠેલા કર્મચારીઓ ઉઘરાવતા હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લાના માંગરોળ તેમજ શીલ વિસ્તારમાં અનેક પથ્થરોની ખાણો આવેલી છે ત્યારે મક્તુપુર ચેકપોસ્ટ પરથી રોજના ૨૦૦થી વધુ ટ્રક પસાર થાય છે. ત્યારે ટ્રકમાં ભરેલ માલ સામાનની રોયલ્ટી પાસ પરમિટ અને તમામ ડોક્યુમેન્ટ હોવા છતાં પણ ગેરકાયદેસર રીતે એક ટ્રકના ૫૦૦ રૂપિયા લેખે ઉઘરાવવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ પોલીસે ટ્રકચાલકના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે.

## કંડલા નજીક ૪૨ કિ.ગ્રા. ફુટેલી કારતૂસ અને ખોખા ઝડપાયા

કંડલા,તા.૨૦




પૂર્વ કચ્છ એસઓજીએ બાતમીના આધારે કંડલાથી તુણા જતા હાઈવે પરના પુલ નીચેથી પાણીમાં ફેંકી દેવાયેલા પ્લાસ્ટિકના કોથળામાંથી ૪૨ કિલોગ્રામ ફૂટેલાં કારતૂસ અને તેના ખોખા જપ્ત કર્યા હતા. જેમાં એકે ૪૬ અને એકે ૪૭ જેવા વિવિધ આધુનિક બંદુકો અને મશીનગનમાં વપરાતાં ફૂટેલાં કારતૂસનો જથ્થો મળી આવ્યો છે. પોલીસના મતે વિદેશથી આયાત થયેલાં સ્ક્રેપમાં આ જથ્થો નીકળ્યો હોય શકે જેથી પોલીસ કાર્યવાહીથી બચવા માટે કોઈએ કોથળો પુલ નીચે ફેંકી દીધો હશે. અલબત્ત મોટી માત્રામાં આધુનિક હથિયારના વપરાયેલા કારતૂસ અંગે પોલીસ વિભાગે ઝીણવટ ભરી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## હાઈકોર્ટની ફટકાર બાદ પણ બન્યો નથી રોડ : ક્વાંટના તુરખેડામાં પ્રસૂતાને ઝોળીમાં હોસ્પિટલ પહોંચાડી

ક્વાંટ,તા.૨૦

ગત બીજી ઓક્ટોબરે ગુજરાતના છોટાઉદેપુરમાં પ્રસૂતાને ગામડામાં સ્વાસ્થ્ય અને રસ્તાની સુવિધાના અભાવના કારણે જીવ ગુમાવવો પડ્યો હતો. ત્યારે હાઈકાર્ટે આ ઘટનાને ગંભીરતાથી લઈ સુઓમોટો અરજી દાખલ કરી કેસ હાથમાં લીધો હતો અને કહ્યું હતું કે, આ ઘટનાથી અમારા માથા શરમથી ઝૂકી ગયાં છે. હાઈકોર્ટે રાતોરાત છોટાઉદેપુર



જિલ્લાના ક્વાંટ તાલુકાના તુરખેડા ખાતે ૧૮.૫૦ કરોડના ખર્ચે ૯ કિલોમીટરના રસ્તાને મંજૂર કર્યો હતો. જોકે, તંત્ર રસ્તો બનાવે તે પહેલાં ફરી ગ્રામજનો અન્ય એક પ્રસૂતાને આ રીતે ઝોળીમાં નાખીને આરોગ્ય કેન્દ્ર લઈ જવા મજબૂર બન્યા હતાં. શનિવારે છોટાઉદેપુરના તુરખેડા ગામના માનુક્લા ફળિયામાં એક પ્રસૂતાને પ્રસવ પીડા ઉપડી હતી. પરંતુ ગામમાં આરોગ્યની સેવા ન હોવાના કારણે પ્રસૂતાને આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાની હતી. જોકે, ગામમાં સારો રસ્તો ન હોવાથી કોઈ એમ્બ્યુલન્સ પ્રવેશી શકતી નથી. તેથી પ્રસૂતાને ગામના લોકો ઝોળીમાં નાખીને આરોગ્ય કેન્દ્રમાં લઈ જવા મજબૂર બન્યા હતાં. પ્રસૂતાને ઝોળીમાં નાખી ત્રણ કિલોમીટર દૂર ડુંગર લઈ જવાઈ હતી અને ત્યાંથી ક્વાંટ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવાઈ હતી. આરોગ્ય કેન્દ્રમાં પહોંચ્યા બાદ પ્રસૂતાએ રાત્રે બાળકને જન્મ આપ્યો હતો.

## રાજકોટ જિલ્લાનાં લોધીકા મોટાવડા શાળાના વિદ્યાર્થીનો શિક્ષકના ત્રાસથી આપઘાત

રાજકોટ,તા.૨૦

રાજકોટ જિલ્લાના લોધીકાના મોટાવડાની સરકારી શાળામાં ૧૯ ઓક્ટોબરના રોજ ધો-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ સુસાઈડ નોટ લખી ગળાફાંસો ખાઈ



આપઘાત કરી લીધો હતો. ફક્ત એટલું જ નહિ વિદ્યાર્થીએ આપઘાત કરતા પહેલાં એક વીડિયો પણ બનાવ્યો હતો. જેમાં રડતાં રડતાં પોતે લખેલી સુસાઈડ નોટ પણ આ વીડિયોમાં દેખાડી રહ્યો હતો. સુસાઈડ નોટમાં વિદ્યાર્થીએ પોતાની શાળાના શિક્ષકના કારણે આપઘાત કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે. જોકે, આજે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની ટીમ શાખા ખાતે તપાસ માટે પહોંચી હતી અને સરપંચ સહિતના ગ્રામજનો પણ ત્યાં પહોંચ્યા હતા. મૃતક વિદ્યાર્થીના પરિવારજનો દ્વારા શિક્ષકને સસ્પેન્ડ કરવાની સાથે ૧૦ વર્ષની સજાની માંગ કરવામાં આવી છે.

# જામજોધપુર તાલુકામાં ડૂબી જવાથી બે યુવાનોના કરૂણ મોત

જામજોધપુર,તા.૨૦

જામજોધપુર તાલુકામાં ડૂબી જવાથી બે યુવાનના મોત નિપજયા છે. જેમાં ગીંગણી તેમજ ખોડિયાર મંદિર પાછળ ચેકડેમમાં ડૂબી જવાથી બે યુવાનના મોત નિપજયાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. આ બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના સ્ટાફે ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહોને બહાર કાઢી પોલીસને સુપરત કર્યા



હતા. પ્રથમ બનાવમાં બગોદરા જિલ્લાના બાસવાડા ગામનો વતની અને હાલ ગીંગણી ગામે ધીરૂભાઈ ફળદુના ડેલામાં રહેતો અને ખેતમજૂરી કામ કરતો રાજેશ ભૈરાભાઈ ડોડિયા નામનો ૧૯ વર્ષીય કોળી યુવાન મજૂરીકામ પૂર્ણ કરીને વેણુ નદીના પુલ પાસે પાણીમાં ન્હાવા પડયો હતો. જેમાં વહેતા પાણીમાં અકસ્માતે ડૂબી જતાં તેમનું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ મનોહર ભૈરાભાઈ ડોડિયાએ પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત બીજા બનાવમાં મૂળ જૂનાગઢ જિલ્લાનો વતની અને હાલ જામજોધપુર નજીકના કોર્ટ બિલ્ડીંગ પાસે રહેતો કરણ જેરામભાઈ નિમાવત નામનો ૧૯ વર્ષીય બાવાજી યુવાન ખોડિયાર મંદિરની પાછળ આવેલ ચેકડેમમાં કપડાં ધોતી વખતે અકસ્માતે પગ લપસી જતાં નદીમાં પડી ગયો હતો. જેથી તેનું ડૂબી જવાથી મૃત્યુ નિપજયું હતું.

# કરજણ તાલુકાની યુવતી સાથે આણંદમાં પરિણીત વિધર્મી યુવકે બળાત્કાર કર્યો

કરજણ,તા.૨૦

કરજણ તાલુકામાં રહેતી યુવતીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ચાર વર્ષ પહેલા મારે હાદોડ ગામમાં રહેતા સિરાઝ અબ્દુલ ઘાંચી સાથે મિત્રતા થઈ હતી તેણે મને તેનો મોબાઈલ નંબર આપતા હું મારા માતા-પિતાની જાણ બહાર તેની સાથે વાત કરતી હતી. થોડા દિવસ પહેલા સિરાઝે મને ફોન કરીને જણાવેલ કે આપણે ફરવા જવાનું છે હું કહું ત્યારે તૈયાર થઈ જજે. ત્યારબાદ તારીખ ૧૪ ના રોજ સવારે તેનો ફોન આવ્યો હતો અને બપોરે તું તૈયાર થઈ જજે હું આવીશ તેમ કહ્યું હતું. બપોરના સમયે મારા માતા-પિતા ખેતરે અને નાનો ભાઈ નોકરી પર હતો ત્યારે આઈ સ્માર્ટ બાઈક લઈને સિરાજ આવ્યો હતો. હું પહેરેલે કપડે ઘરની બહાર નીકળીને તેની બાઈક પર બેસી જતા તે આણંદ ખાતે તેના મિત્રના ઘેર લઈ ગયો હતો અને રાત્રે તેણે જણાવેલ કે અહીં આરામ કરી લઈએ કાલે સવારે આગળ ફરવા નીકળીશું. રાત્રે સિરાઝે જણાવેલ કે મારે તારી સાથે શરીર સંબંધ બાંધવો છે ત્યારે મેં જણાવેલ કે આપણે માત્ર મિત્ર છીએ અને તમારા લગ્ન થઈ ગયા છે તેમ છતાં તેણે મારી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. બીજા દિવસે મેં તેને જણાવેલ કે મારે ઘેર જવું છે તો કરજણ ચોકડી પર મૂકી જાય. બાદમાં કરજણ હાઈવે પર આવ્યા પછી હું સીધી પોલીસ સ્ટેશન ગઈ હતી અને પોલીસને સમગ્ર હકીકતની જાણ કરી હતી. બાદમાં પોલીસે સિરાઝની ધરપકડ કરી હતી.


નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

ડો. ચિરાગ વી.કુબાવત (M.B.D.G.O.) Diploma in Gynec Endoscopy (FRANCE)

સ્ત્રી રોગ પ્રસુતી તથા દુરબીનથી તથા ઓપરેશનના નિષ્ણાંત

અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલા નિષ્ણાંત

ઉપલબ્ધ સુવિધા :- ■ નોર્મલ/જોખમી સિઝરીયન ડીલવરી ■ પેઈનલેસ (પીડા રહીત ડીલવરી ) 3D/4D કલર ડોપલર/ ખોડખાપણની સોનોગ્રાફી ■ ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન ■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI ■ ૨૪ કલાક કાર્યરત લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા

ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)

નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત

-: ઉપલબ્ધ સુવિધા :-

■ રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU ■ આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર ■ જન્મથી ૧૭ વર્ષ સુધિના બાળકોની તપાસ/સારવાર

જુના પાંચમાળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી - મો.૯૭૨૩૭ ૯૯૦૯૧

ઓપીડી સમય

સોમ-શનિ સવારે ૯ થી ૨, સાજે ૫ થી ૮


## પ્રવાસીઓ માટે સફેદ રણ હોટ ફેવરીટ બન્યું, કચ્છમાં રણોત્સવ હવે ૧૨૪ દિવસ માટે યોજાશે

ભુજ,તા.૨૦

દેશ-વિદેશમાં એક પ્રતિષ્ઠિત પર્યટન સ્થળ તરીકે વિખ્યાત થઈ ચૂકેલા કચ્છના ધોરડો ખાતેના સફેદ રણમાં દર વર્ષે પ્રવાસીઓ માટે નવા નવા આકર્ષણો ઊભા કરવામાં આવતા હોય છે. 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' પંક્તિને સાર્થક કરતું અને દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષતું રણોત્સવ કચ્છના સફેદ રણમાં યોજાય છે. વર્ષ ૨૦૦૫થી રણોત્સવની શરૂઆત થઈ



હતી અને ૩ દિવસનો યોજાતો રણોત્સવ હવે ૧૨૪ દિવસ માટે યોજાઈ રહ્યો છે અને દર વર્ષે લાખો પ્રવાસીઓ કચ્છના સફેદ રણની મુલાકાતે આવે છે. ત્યારે રણોત્સવનું આયોજન કરતી કંપનીઓ દ્વારા પણ દર વર્ષે જુદી જુદી થીમો પર રણોત્સવ યોજાતો હોય છે. રણોત્સવ જે ગામ પાસે યોજાય છે તે ધોરડો ગામને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરીઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિશ્વના શ્રેષ્ઠ ટુરીઝમ વિલેજનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. છેલ્લાં ૨ દાયકામાં સરહદી જિલ્લો કચ્છ ટુરીઝમ ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચ્યો છે. વર્ષના અંતે પ્રવાસીઓ માટે કચ્છનું સફેદ રણ અને રણોત્સવ હોટ ફેવરીટ ડેસ્ટીનેશન બની ચૂક્યા છે.

## રાજકોટમાં ડોક્ટરની બેદરકારીથી ૮ વર્ષીય બાળકનું મોત થયુ હોવાનો આક્ષેપ

રાજકોટ,તા.૨૦

રાજકોટ શહેરમાં લક્ષ્મીનગર પાસે આવેલા બેબી કેરમાં ડેન્ગ્યુની સારવારમાં રહેલા ૮ મહિનાના બાળકને રજા આપ્યા બાદ ફરી તબિયત લથડી હતી જેથી તેને ફરીથી હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ તેનું મોત નિપજતા બાળકનાં પિતાએ એવો આક્ષેપ કર્યો હતો કે, દવાખાનામાં નર્સે ઈન્જેક્શન માર્યા બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ હતી.



જેથી માલવિયાનગર પોલીસ બાળકના મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાવી આગળ કાર્યવાહી કરશે.

મળતી માહિતી મુજબ કોઠારિયા રોડ પર બાબરિયા કોલોની પાસેની રાધેકૃષ્ણ સોસાયટીમાં રહેતા જેત અલ્ફાઝભાઈ અંસારી નામના બાળકને ડેન્ગ્યુની ગંભીર અસર થતા સારવાર માટે ડો. હિરેન મશરૂના મિહિત કેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર બાદ તેને રજા આપી દેવાનું તબીબ દ્વારા જણાવવામાં આવ્યું હતું. પછી નર્સે ચાર ઈન્જેક્શન આપ્યા હતા, જેથી વધુ તબિયત ખરાબ થતા બાળકનું મોત થયું હતું.